Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वांच्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयं ॥
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૬ મું.] અષાઢ. સંવત ૧૯૭૬. વીર સંવત-૨૪૪૬. [અંક ૪ થો.

## दीलनां दरद पूछनार मित्रो क्यां हशे ?

હરિગીત છંદ.

તાળી દઈ ગમ્મત કરી ગપ્પાં ઘણા મિત્રો કરે,
કોઇ સ્વાર્થ કેરે કારણે ઘર આંગણે ફરતા ફરે;
વાર્ત્તા કથંતા નિશદિને દોસ્તોની દોસ્તાઈ દિસે,
દિલનાં દરદ પૂછનાર જગમાં મિત્ર ક્યાં વસતા હશે ? ૧
નિજ સ્વાર્થ માટે આવીને ઠગબાજ બતાવે પ્રીતને,
મનમાં હલાહલ વિષ ભર્યું જાણે ન સાચી રીતને;
ઉપર ઉપરની પ્રીતડી હૈડે અવર વૃત્તિ વસે,
દિલના દરદ પૂછનાર જગમાં મિત્ર ક્યાં વસતા હશે ? ૨
શી હાડ ભાંગ્યાં સાંધનારા ડોકટરોની ખામી છે ?
પટ્ટા મલમ કરનાર વૈદ્યોની ઘણી હદ જામી છે;
ઉપર ન ભાસે રોગ કંઇ જાણ્યું નથી કે શું થશે ?
દિલનાં દરદ પૂછનાર જગમાં ડોકટરો તે ક્યાં હશે ? ૩
ટીપણાં ભરાવે પાઘડીમાં તિલકની ચતુરાઇ છે,
કહે સોમને શુક્રાદિ ગ્રહનાં ફળ સદા સુખદાઇ છે;
મુજ હાડનાં ભેજાં વિષે વ્યાપેલ રોગ સદા ખસે,
એ જોષને જોનાર સાચા જોષી ક્યાં વસતા હશે ? ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધી ફકીરી, ત્યાગી દુનિયાં, કોઇની પરવા નથી,
અમને કહે વિષયાદિ વિષસમ શત્રુઓ વરવા નથી;
દુનિયાં તજાવે ઉપરની મૂર્ખો બિચારો જો ફસે,
દિલ દર્દને ત્યાગાવનારા ત્યાગી મિત્રો કયાં હશે ? ૫
અગ્નિ વિષે કુદી પડી જળ લેઇ જ્વાળા ઓલવે,
વીમા તણા સરદાર એ દુનિયાં સતત્ શુભ દીપવે;
એ બહારનો અગ્નિ સમે હ્રદયાગ્નિ તો કંઇ ના ખસે,
દિલ દર્દની જ્વાળા સમવતા સત્ય મિત્રો કયાં હશે ? ૬
ગુરૂપદ સ્વીકારે હર્ષથી બહુ શિષ્યના સદ્‌ગુરૂ થવા,
જે તે જનોને ત્યાગી કરવા બોધ માંડે આપવા;
સદ્‌ગુરૂ બની માયાવી પેરે આપ ચિત્તમાંહી હસે,
દિલના ગુરૂ બનનાર સાચા સદ્‌ગુરૂ તે કયાં હશે ? ૭
જેને નથી અન્તર વિષે દુનિયાં તણી પરવા કશી,
કુડ-ક્રોધ-માયા-મોહ જેનાં દીલથી જાયે ખસી;
દિલમાં મિલાવે દીલડું એ ઝરણુ કઇ રીત છૂટશે,
દિલના ગુરૂ બનનાર સાચા સદ્‌ગુરૂ તે કયાં હશે ? ૮
પૈસા અગર અધિકારના સમયે ફરે સાથે ઘણા,
એ બેઉ જો નવ હોય તો વિખરાય જયમ હીમના કણા;
દુઃખને સમે વિશ્રાન્તિ દેવા આવતા જે ધસમસે,
આપત્સમે દિલ દર્દ પૂછતા મિત્ર કયાં વસતા હશે ? ૯
જ્યાં ત્યાં લખ્યું-જયમ ત્યમ વદ્યું-જ્યાં ત્યાં ભમ્યું મન માનતું,
મોટાઇને શિખરે ચડે મન ન્યાયને નથી નાણતું;
નિર્દોષ દિલડાં દાખવી આત્માનું હીત જે દાખશે,
દિલના ગુરૂ બનનાર એવા સદ્‌ગુરૂજી કયાં હશે ? ૧૦
જ્યારે કહે નિજ વાતડી ત્યારે બધામાં સ્વાર્થ છે,
એ વસ્તુમાં કોઇએ દિને કોઇએ દીઠો પરમાર્થ છે ?
પરમાર્થ સ્વાર્થ ઉભય તજી નિજ ફરજ જાણે નસનસે,
એ સત્યપંથી સત્યમિત્રો વિશ્વમાંહી કયાં હશે ? ૧૧
કાગળ લખે ચતુરાઇથી ચતુરાઇથી બોલી શકે,
ચતુરાઇમાં પહેરે સુપટ શૃંગાર સજતી કર થકે;
જીહ્વા વિષે મીઠું વદે છે ઝહર તો હઇડાં વિષે,
અમૃતભરી દિલમોહિની નિર્મળ સુનારી કયાં હશે ? ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીતે જગતના લોકને આ લોકના રાજા બની,
દિલના દિવાના લોકને પરવા નથી રાજા તણી;
દિલના અજીત મિત્રો અજીતને વ્હાલવાળા લાગશે,
દિલના દરદ પૂછનાર સાચા મિત્ર કયાં વસતા હશે ? ૧૩

**ચિદ્દઘન.**

# महा सती सीता, लंकापति राजा रावण, अने सती मंदोदरी.

## દોહરા.

**સીતા—** શ્રી જિનવરના ભક્ત હે, રાવણુ મમ ભડવીર;
સ્વાગી મારા રામ છે, દે પાછી દઇ [1]ચીર. ૧

**રાવણુ—** સલુણી સીતા સુંદરી, હું તારો થઉં [2]શ્યામ;
નામું તારા ચરણમાં, કર પદ શિર તમામ. ૨

**સીતા—** ધિક્ ધિક્ હા તવ વિષયને, રૂઠ્યા તારા રામ;
સ્વામી દિયર[3] નવ ઓળખે, રે'શે નહિ તવ મામ.[4] ૩

**રાવણુ—** હું લંકાનો રાજવી, ઇંદ્રાદિ મમ દાસ;
રામ લણુડાં બાપડાં, પીલું પલમાં ખાસ. ૪

**સીતા—** હા ! હા ! શું તું પીલતો, તુંજ મદનનો [5]દાસ;
દાસ મદન મદનો થતાં, નક્કી નરનો નાશ. ૫
પરનારી ઉચ્છિષ્ટમાં, શ્વાન બગાડે મુખ;
નિજ નારી પય ક્ષીરને, ફટવે મોટો મૂર્ખ. ૬

**રાવણુ—** સલુણી સીતા સુંદરી, ના જોઇએ ઉપદેશ;
જાણું પણુ તાણું સહી, સર્પ છંછુદર કલેશ. ૭

**મંદોદરી—** સ્વામી જ્ઞાની ગુણુનિધિ, છોડો હઠથી મૂઢ;
સતીના સ્વામી રામનું, જાઇ શરણુ લ્યો શુદ્ધ. ૮
રામચંદ્રને બારણે, અતીવ મૈત્રિ વાસ;
હનુમાનાદિ જેહના, પ્રબલ સૈનિકો ખાસ. ૯

**રાવણુ—** અલ્પ નિયમના કારણે, જો કે હું લાચાર;
તો પણુ બસ મુકું નહિ, મરૂં મારૂં નિર્ધાર. ૧૦

---

૧ બેન તરીકે સાડલો આપીને. ૨ સ્વામી. ૩ મારા પતિ ને દિયર-રામલક્ષ્મણ.
૪ લાજ. ૫ કામદેવનો.

For Private And Personal Use Only

સીતા— શબ્દ શકુનથી અગલા, મરવાની થઇ વાત;
આજીજી જો સાંભળે, ભગિનીના એ ભ્રાત. ૧૧
રાવણ— રામતણાં પગલાં થશે, આ મારી લંકાય;
તે પ્હેલાં મારીશ હું, પણ સલુણી તું ચાહ્ય. ૧૨
સીતા— ફરીને તેવા શબ્દ છે, રામપાદનું[1] રાજ્ય;
ધીક્ ધીક્ ઓ નર અસુર તું, પલટાયું સામ્રાજ્ય. ૧૩
મંદોદરી— વિનાશકાળે વિપરીતા, થઇ મતિ આ આજ;
સતી નારી સંતાપતો, આવે કાંઇ ન લાજ. ૧૪
જે દિનથી અહિં આવીયા, દેવી સીતા આ બાગ;
રામપ્રભુના વિરહથી, અન્ન ઉદકનો ત્યાગ. ૧૫
ધન્ય પ્રભુ પાસે પડો, ચાહો ક્રુણ અવતાર;
લંકપતિ મદ મદનથી, જીતાયો આ વાર. ૧૬
ઉદય પશ્ચિમ થાય જો, પૂર્વ તણો આદિત્ય;
ચળે મેરૂ પર્વત પવન, વાગે ઉલટી રીત. ૧૭
સરિતા હો ઉલટી વહે, સઘળું ઉલટું થાય;
શીયલ સતી નહિં મૂકશે, કામી હો ખડ ખાય. ૧૮

રાવણ સરખો રાજવી, શાણો ગુણ ગંભીર;
અંતે ભાવિ ભુલવ્યો, વિષય નિમિત્ત અધીર. ૧૯
ચુકયો જો સન્માર્ગથી, ભાન્યું નવ લવલેશ;
ફરી નરકને પામનો, પામે ભારી કલેશ. ૨૦
તોપણ તસ બાલીહારડી, અકર નિયમ અંકુશ;
ધાર્યો તે ધાર્યો સહી, ધન્ય શલાકી પુરૂષ. ૨૧
રામપ્રભુ વનવાસમાં, અલ્પ સૈન્ય સામર્થ્ય;
જીત થઇ શા કારણે, સત્ય ધર્મ સામર્થ્ય. ૨૨
નામું શીર દેવી સીતા, ચરણકમળ સદ્ભાગ્ય;
સ્વામી વિરહને કારણે, અન્ન ઉદકનો ત્યાગ. ૨૩
કામીના કારાગૃહે, રહ્યા છતાં ખટ માસ;
દિવ્ય શીયળને જાળવ્યું, રામ નામ જપ ખાસ. ૨૪
ધન્ય સતી મન્દોદરી, સ્વામિનું હિત ચિત્ત;
પલપલ ચિન્તવતી અતિ, દિવ્ય સ્નેહની રીત. ૨૫

ભીખાભાઇ છગનલાલ શાહ.

---

૧ નાગપંદનું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીહિતશિક્ષાના રાસનું રહસ્ય.

( અનુસંધાન પુ. ૩૫ મા ના પૃષ્ઠ ૩૫૪ થી )

શ્રાવકને ન કરવા યોગ્ય વ્યાપાર તે કુવણજ કહેવાય. શાસ્ત્રકાર કહે છે કે—'શ્રાવકે કુવણજ કદાપિ ન કરવા અને ન્યાયથી દ્રવ્ય મેળવવું. કુવણજવડે ન્યાયથી મેળવેલું દ્રવ્ય પણ ન્યાયયુક્ત ગણાતું નથી; કારણકે કુવણજ કરવામાં અનેક પ્રકારના સંખ્યાબંધ ત્રસ સ્થાવર જીવોની હિંસા થઇ હોય છે. પોતાને માટે દ્રવ્ય ઉપાર્જન કરવા અનેક જીવોની હિંસા કરવી તેજ મોટો અન્યાય છે. તેથી એવી રીતે કર્માદાનાદિના વ્યાપારથી મેળવેલ દ્રવ્યને ભૂલેચૂકે ન્યાયનિષ્પન્ન સમજવું નહીં. જૈન દર્શન સિવાયના અન્ય દર્શનોમાં આ હકીકત જ સમજાવેલી હોતી નથી, તેથી ત્રસ સ્થાવર ગમે તેટલા જીવોની વિરાધના થાય છતાં તેવા વ્યાપારવડે સત્યતાથી મેળવેલા દ્રવ્યને તેઓ ન્યાયોપાર્જીત ગણે છે. જૈન શાસ્ત્રકાર કહે છે કે—"હે ભવ્ય પ્રાણી! તેં દ્રવ્યોપાર્જન માટે અનેક જીવોના પ્રાણ લીધા યા લેવરાવ્યા તે ન્યાય કયાંથી લાવ્યો? એ જીવોના પ્રાણ લેવાનો તને શું હક્ક હતો? માટે જેમ અસત્યથી કે અપ્રમાણિકપણાથી અથવા ચૌર્યાદિકથી મેળવેલ દ્રવ્ય અન્યાયોપાર્જિત છે તેમ હિંસાવડે મેળવેલું દ્રવ્ય પણ અન્યાયોપાર્જિત છે. આ વાત ખાસ ખ્યાલમાં રાખવી.'

( સત્યની વ્યાખ્યા પણ જૈન શાસ્ત્રકારની અન્ય દર્શન કરતાં ઘણી ઉંચા પ્રકારની છે તે અન્ય પ્રસંગે જણાવીશું. )

અનેક પ્રકારના જીવોના હાડ, ચર્મ, નખ, શૃંગ વિગેરે અવયવો વેચવા તે પાપવ્યાપાર છે. દ્વીપદ ને ચતુષ્પદને વેચવા તે પણ પાપવ્યાપાર છે, લાખ, ધાવડી, ટંકણખાર વિગેરે જીવ વિરાધના કરે તેવી વસ્તુઓ વેચવી તે પણ પાપવ્યાપાર છે, ગાડાં અને તેના અંગો પૈડાં વિગેરે વેચવા તે પણ પાપવ્યાપાર છે. હળ, મુશળ તથા શસ્ત્રાદિક વેચવા તે પણ પાપવ્યાપાર છે. મદિરા, માંસ, મધ ને માખણ વિગેરે રસ પદાર્થો તેમજ અભક્ષ્ય પદાર્થો વેચવા તે પણ પાપવ્યાપાર છે. અફીણ, સોમલ, વછનાગ વિગેરે ઝેરી પદાર્થો વેચવા તે પણ પાપવ્યાપાર છે. આવા પ્રકારના પાપ વ્યાપારો કરવાથી જીવ દુર્ગતિમાં જાય છે, મોક્ષગમન તેનાથી છેટું જાય છે.

( આ સિવાય બીજા પણ કર્માદાન અનેક પ્રકારના છે તે અન્ય પ્રસંગે કહેવામાં આવશે )

જે શ્રાવક વ્યાપારમાં ડાહ્યો હોય તે સર્વ પ્રકારના કરીયાણાને ઓળખે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ વસ્તુના ચાલતા ભાવ જાણે, સર્વ ભાષા બોલી જાણે, બધી જાતનું નાણું પરખી જાણે, હસ્તસંજ્ઞા કરી જાણે, હાથે લઇ દઇ જાણે, કરપલ્લવી સમજી શકે, નેત્રપલ્લવી પણ સમજી શકે. એવો વ્યાપારી વ્યાપારવડે પુષ્કળ દ્રવ્ય ઉપાર્જન કરી શકે.

મિત્રાદિકનો સૌના દેખતાં સારી રીતે સત્કાર કરવો પણ મિત્રની સાથે વ્યાપાર બનતા સુધી ન કરવો; કારણકે તેથી મિત્રાઈ તુટવાનો વખત આવે છે. શસ્ત્રધારી સાથે વ્યાપાર ન કરવો, કારણકે તેમાં કોઈક વખત શસ્ત્ર સંબંધી ભયમાં પડવું પડે છે. બ્રાહ્મણ કે ભાટ સાથે વ્યાપાર ન કરવો, તેમજ કોઇ પણ પ્રકારના દ્રવ્યલિંગી ( બાવા, જોગી, અતીત, સન્યાસી, ફકીર વિગેરે ) ની સાથે વ્યાપાર ન કરવો. નટ, વીટ, વેશ્યા ને જુગટીઆ સાથે બનતા સુધી વ્યાપારજ ન કરવો, કદી કરવો પડે તો ઉધારો તો નજ કરવો. કોઇ પણ પ્રકારે પોતાનો ધર્મ ન નિંદાય એટલી સાવચેતી રાખીને કોઈ પણ વ્યાપાર કરવો.

વ્યાપારમાં ખોટાં કાટલાં, તોલાં, માન, માપ વિગેરે કરવાં નહીં અને વાપરવા નહીં, એ માર્ગજ તજી દેવો. એમાં કોઇ વખત કદી દેખીતો લાભ લાગે છે પણ પરિણામે તેમાં નુકશાન જ થાય છે એ ચોકસ સમજવું. કોઇની સાથે ખોટો કલેશ કરવો નહીં, ખોટો વાંધો પાડવો નહીં. એમાં વ્યાપારીઓની અંદર શોભા ઘટે છે. વેપારની અંદર સોગન ખાવાની ટેવ બીલકુલ ન રાખવી, તેમાં પણ દેવ, ગુરૂ કે ધર્મના સોગન તો કદી પણ ખાવા નહીં. પરને ધુતીને પેટ ભરવાની કે એવી રીતે મેળવેલા દ્રવ્યથી પરમાર્થ કરવાની ઇચ્છા પણ કરવી નહીં. વળી વેચેલી વસ્તુ બદલીને કદી પણ આપવી નહીં. એમ કરવાથી એક વાર તો કદી લાભ લેવાય છે પણ પરિણામે દુધ પીવા જનાર બીલાડી માથા પર લાકડીનો પ્રહાર ખમે છે તેમ તેવા અન્યાયીને નુકશાન ખમવાનો વખત આવે છે.

જેમ બને તેમ સત્યને ચીલે ચાલવું. વસ્તુઓમાં ભેળસંભેળ ન કરવો, બનતા સુધી સત્ય વચનજ બોલવું અને જેણે આપણે ખોળે માથું મૂક્યું હોય તેનું કદી પણ અહિત ન કરવું. ધર્મી પુરૂષને કદાપિ ઠગવા નહીં. તેને ઠગવાથી તો સંસારમાં બુડવુંજ પડે છે. દેવ, ગુરૂ, ઠાકોર, સુંવાળો માણસ, સ્ત્રી કે બાળક એટલાને તો કદી પણ ઠગવા નહીં. કોઇ જગ્યાએ બહુ ડાહ્યા થવું નહીં, સાક્ષી પૂરવી નહીં, સમ ખાવા નહીં અને ધીજ પણ કરવું નહીં. દુર્મતિને દૂર કરીને આ પ્રમાણે જે વ્યાપાર કરે તે અવશ્ય લક્ષ્મી મેળવે અને જગતમાં પણ તેનો યશવાદ બોલાય.

ઉપર પ્રમાણે વ્યાપાર કરીને દ્રવ્ય ઉપાર્જન કર્યા પછી તે દ્રવ્ય વડે અવશ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ છોડાવવા, અનેક મનુષ્યોને અન્ન વસ્ત્ર આપવાં, રોગીને ઔષધ આપવું અને દુ:ખીયાનું દુ:ખ કાપવું. જે પ્રાણી મેળવેળ દ્રવ્યનો આ પ્રમાણે સદુપયોગ કરે છે તેનીજ લક્ષ્મી દીર્ઘ કાળ ટકે છે, નહીં તો ગમે તેટલી સાવચેતી રાખ્યા છતાં તે માણસ પાપવડે લેપાય છે અને તેની લક્ષ્મી પણ થોડા કાળમાં નાશ પામે છે. ઉત્તમ પુરૂષો તો મેળવેલ લક્ષ્મીનો ચોથો ભાગ સારા કાર્યમાં ખર્ચે છે; આ પ્રમાણે પુણ્યનો માર્ગ રાખવો તેજ યોગ્ય છે. કારણ કે ગમે તેટલો વિવેક જાળવ્યા છતાં વ્યાપારમાં પાપ તો બંધાય જ છે, તેથી લક્ષ્મી મેળવ્યા પછી તેના ઉપયોગમાં અવશ્ય વિવેક વાપરવો.

કેટલાક મનુષ્યો વ્યાપાર દ્વારા લક્ષ્મી મેળવવા માટે પરદેશમાં જાય છે ત્યાં વ્યવહાર શુદ્ધિ બીલકુલ જાળવતા નથી. જીવતી માખી ગળે છે, લાખો સાચાં ખોટાં કરે છે, દાણ ચોરી કરે છે, ગાયને ગળે હાથ મૂકે છે, સોનું લઇ માટી આપે છે, આમ અનેક પ્રકારના અધર્મ કરે છે, તેથી કદી દ્રવ્ય મેળવે છે પણ સાથે પાપનો પોટલો એવો બાંધે છે કે જેથી આગામી તે જીવની સદ્ગતિ તો થતીજ નથી.

વ્યાપાર કરતાં કીડી કુંથુઆ વિગેરે અનેક સૂક્ષ્મ જીવોની વિરાધના જયણા જાળવતાં છતાં પણ થાય છે. ચોમાસામાં તો એટલી વિરાધના થાય છે કે તેની ગણત્રી થઇ શકતી નથી. સંગ્રહેલી વસ્તુઓ પૈકી કેટલીકમાં જીવ પડે છે અને તેની વિરાધના થાય તેવી રીતે તે વસ્તુ વેચવી પડે છે. માટે સત્પુરૂષોએ વ્યાપાર કરતાં બહુ પ્રકારે ચેતીને ચાલવાની આવશ્યકતા છે.

રાસના કર્ત્તા કહે છે કે–' હે ભવ્ય પુરૂષો ! તમે વ્યાપાર કરો તે બુદ્ધિપૂર્વક કરજો. નિર્બુદ્ધિથી વ્યાપાર કરનાર ભોળો માણસ લાભ મેળવવાને બદલે ઉલટો દ્રવ્ય ગુમાવે છે. તેની ઉપર જીર્ણદત્ત શેઠના પુત્રનું દૃષ્ટાંત છે. તેનું નામ ભોળો હતું. તેને તેના પિતાએ કેટલીક શિખામણ આપી હતી પણ તેનો તાત્પર્ય તે મૂર્ખ સમજી ન શકવાથી તેણે દ્રવ્યાદિકની હાની કરી હતી. પછી તેના પિતાએ કષ્ટને વખતે પોતાના મિત્ર સોમદત્તને પૂછવા જવાનું કહ્યું હતું. તેને પૂછવા જતાં તેણે જીર્ણદત્ત શેઠે કહેલી બધી શિખામણનું રહસ્ય સમજાવ્યું, એટલે તે પ્રમાણે વર્તવાથી ભોળો સુખી થયો. તે કથા આ પ્રમાણે છે.

જીર્ણદત્ત શેઠે પોતાની અંત અવસ્થાએ પોતાના પુત્ર ભોળાને કહ્યું કે– "તું ઘર ફરતી દાંતની વાડ કરજે, દ્રવ્ય આપીને લેવા જઇશ નહીં, સ્ત્રીને બાંધી મારજે, મિષ્ટાન્ન જમીને સુખે સુજે, ગામે ગામ ઘર કરજે, દુ:ખ પડે તો ગંગાનો કાંઠો ખણજે અને સંદેહ પડે તો પાડલીપુર જઇ મારા મિત્ર સોમદત્તને પૂછજે." આ પ્રમાણે કહ્યા પછી શેઠ તો સ્વર્ગવાસી થયા, ભોળાએ તેના પિતાના કહેવા પ્રમાણે બધું કર્યું પણ તેથી તો તેનું દ્રવ્ય ગયું ને તે દુ:ખી થયો. આ પ્રમાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાથી તે પાડલીપુર સોમદત્ત શેઠ પાસે ગયો અને કહ્યું કે–" હે વડીલ શ્રી ! મારા પિતાએ કહ્યા પ્રમાણે કર્યું તેથી તો હું દુઃખી અને નિર્ધન થયો."

સોમદત્તે પૂછ્યું કે–" તારા પિતાએ શું શું કહ્યું હતું અને તે તેં કેવી રીતે કર્યું એ વિસ્તારથી કહે."

બોલ્યો–" મારા પિતાશ્રીએ કહ્યું હતું કે–' તું ઘર ફરતી દાંતની વાડ કરજે' મેં હાથી દાંત મંગાવી સારા ઘર ફરતી તેની વાડ કરી તેમાં હજારોનો ખર્ચ થયો અને દાંત તો કાઢીને લોકો લઇ ગયા.

મારા પિતાએ ' લક્ષ્મી આપીને લેવા જઇશ નહીં ' એમ કહ્યું હતું તે પ્રમાણે કરવાથી કોઇ મને આપવા આવ્યું નહીં અને તે લેણું તમામ ખોટું થયું.

' સ્ત્રીને બાંધી મારવાનું ' કહ્યું હતું તે પ્રમાણે બાંધીને મારતાં તે ઘરમાં જ રહી નહીં, તેને પીયર ચાલી ગઇ.

' મીઠું ખાવાનું ' કહ્યું હતું તે ખાવાથી શરીરમાં રોગ થયો. અને ' ખાઇને સુઇ રહેવાનું ' કહ્યું હતું તે પ્રમાણે કરવાથી કાર્યનો વિનાશ થયો. ' ગામ ગામ ઘર કરવાનું કહ્યું હતું તે પ્રમાણે કર્યાં તે લોકો બથાવી પડ્યા અને ' ગંગાને કીનારે જઇને ખોદવાનું ' કહેલું હોવાથી ત્યાં જઇ ઘણું ખોદ્યું પણ કાંઇ દ્રવ્ય નીકળ્યું નહીં.

આ પ્રમાણે બુદ્ધિહીન એવા મેં દ્રવ્ય બધું ગુમાવી દીધું એટલે લોકો પણ મારૂં અપમાન કરવા લાગ્યા, કારણ કે રામચંદ્ર પણ ધન વિના પૂજાતા નથી." કહ્યું છે કે.

તેહુજ રામ તે તાપસા, તેહજ આ આશ્રમ;
હવણાં આદર બહુ કરે, પહેલાં નાહા કયમ. ૧
દોલત દેખી જગ નમે, કરે કહ્યા વિણ કામ;
તિણ કારણ ઋદ્ધિ મેલિએ, સીતાના પતિ રામ. ૨
ઋદ્ધિએ પૂજા પામીએ, ધન ખાધે ગુણ જાય;
દ્રવ્ય વિહુણા માનવી, મૃતક સમ તોળાય. ૩
ગિરિજાકંતતણું આભરણ, તસ રિપુ સ્વામી જેહ;
તસ રામા જસ ઘર નહીં, અરે વિગુતો તેહ. ૪
દો જિવ્હા ગતિ વાંકડી, તસ રિપુ સ્વામી નારી;
તિણ નારે જે પરિહર્યા, ભૂલ્યા ભમે સંસાર. ૫

" તેજ રામ, તેજ તાપસ ને તેજ આશ્રમ છતાં જ્યારે પહેલાં વનવાસ વખતે રામચંદ્ર આવ્યા હતા ત્યારે આદર નહોતો કર્યો ને અત્યારે કરે છે તેનું કારણ શું ? ઉત્તર—દોલતને દેખી જગત બધું નમે છે અને કહ્યા વિના કામ કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંડી જાય છે, માટે હે સીતાપતિ રામ! દ્રવ્ય મેળવવું તેજ કર્તવ્ય છે ઋદ્ધિ વડેજ પૂજા પામી શકાય છે અને ધન જવાની સાથે ગુણ પણ જાય છે. દ્રવ્ય વિનાના મનુષ્યો મૃતક સરખા ગણાય છે. ગિરિજાકંત-શિવ, તેનું આભરણ સર્પ, તેનો શત્રુ ગરૂડ, તેનો સ્વામી કૃષ્ણ, તેની રામા–સ્ત્રી લક્ષ્મી તે જેના ઘરમાં હોતી નથી તેજ ખરેખરો જગમાં વગોવાય છે. બે જેને જીભ છે અને જેની ગતિ વાંકી છે એવો જે સર્પ, તેનો રિપુ ગરૂડ, તેના સ્વામી કૃષ્ણ, તેની નારી લક્ષ્મી, તે નારીએ–લક્ષ્મીએ જેને પરિહર્યા–તજ્યા તે આ સંસારમાં ભૂલા ભમે છે–રખડે છે." ૧–૫

એક માણસ મિત્રને કહે છે કે–'હે મિત્ર! હું ધન વિના ભૂલો ભમું છું માટે તું મારી સંભાળ લે–કામ પડ્યે જે સંભાળ ન લે–અળગો રહે તે ગમાર મિત્ર શા કામનો? વળી એવા મિત્ર શા કામના કે જે ભીડ ન ભાંગે? તે તો બકરીના ગળાના સ્તન જેવા ફોગટના છે કે જેમાંથી દુધ મેળવી શકાતું નથી.' ઉત્તર—'હે પુરૂષ! તું મિત્ર કર તો અગરની જેવા કરજે કે જે પોતે દહે અને બીજાને સુગંધ આપે. સજ્જનો તો એવાજ હોય છે. એક કવિએ કહ્યું છે કે-'હે સરોવર! તું હંસની સાથે મિત્રાઇ કરીશ નહિ, કે જે તું ભરપૂર હઇશ ત્યાંસુધી જ તારે કીનારે ફરશે ને ચણ કરશે; મિત્રાઇ તો પોયણીની સાથે કરજે કે જે તું સુકાય ત્યારે તારી સાથે સુકાય અને તું વધે ત્યારે તારી સાથે વૃદ્ધિ પામે.'

અહીં ભોળો સોમદત્ત શેઠને કહે છે કે–'તમે તો કમળ, કર્પૂર ને ચંદન જેવા છો અને મારા પિતાના મિત્ર છો, તેથી મને પોતાનો બાળક જાણીને મારી સંભાળ લ્યો.

હવે સોમદત્ત ભોળાને કહે છે કે–"હે વત્સ! તું તારા પિતાના કહેલા વાક્યોનું રહસ્ય સમજ્યો નહીં, તેથી તેં બધું વિપરીત કર્યું અને હેરાન થયો. તારા પિતાનાં કહેલા વચનોનું રહસ્ય શું હતું તે સાંભળ—

૧ ઘર ફરતી દાંતની વાડ કરવાની કહી હતી તે મીઠા વચનરૂપ વાડ સમજવી. મીઠા વચન બોલવાથી સર્વ પાડોશીઓ મિત્રરૂપ થઇ જાય છે અને આપણું રક્ષણ કરે છે.

૨ દઇને લેવા ન જવાનું કહ્યું હતું તેની મતલબ એ હતી કે દાગું ઘરેણું રાખીને પૈસા આપજે કે જેથી આપ્યા પછી તારે લેવા જવું ન પડે, પણ તે ઘર પૂછતો દેવા આવે.

૩ સ્ત્રીને બાંધી મારવાનું રહસ્ય એ છે કે તેને પુત્ર પુત્રીથી પરવરેલી કરજે કે જેથી તે ઘર મૂકીને કાંઈ જઇ શકે જ નહીં.

૪ મીઠી વસ્તુ ખાવાની મતલબ એ છે કે જ્યાં માન હોય ત્યાં ભોજન કરજે; કારણ કે માન સહિત ભોજન તેજ મીઠું ભોજન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ ખાઇને સુઇ રહેવાનું કહ્યું હતું તેનો સાર એ હતો કે એવા સારા સ્થાનમાં સુવાનું રાખજે કે જ્યાં સુખે નિદ્રા આવે. વળી ખરી નિદ્રા આવે ત્યારેજ સુજે કે પછી નકામું આળોટવું ન પડે.

૬ ગામેગામ ઘર કરવાનું કહ્યું હતું તેની મતલબ એ હતી કે ગામેગામ મિત્ર કરવા, જેથી જ્યાં જઇએ ત્યાં સત્કાર થાય.

૭ ગંગાને કાંઠે ખોદવું એટલે તારે ત્યાં ગંગા નામે ગાય છે તેની ગમાણ પાસે ખોદજે. ત્યાં તારા પિતાએ કષ્ટ વખતે કામ આવવા સારૂ દ્રવ્ય દાટેલું છે, તેથી તારૂં નિર્ધનપણું દૂર થશે. ઉપર પ્રમાણે ખુલાસો મેળવ્યા પછી સોમદત્તના કહેવા પ્રમાણે ભોળાએ કર્યું જેથી તે પાછો ધનવાન અને સુખી થયો.

ઘરેણું વધારે કિંમતનું રાખીને દ્રવ્ય આપવું તે ઉધારો કહેવાતો નથી.

કદાચિત્ કોઇ ઉત્તમ પુરૂષને દ્રવ્યનો ખપ પડે તો વ્યાજ વધારે લેવું નહીં; કેમકે તેનું વ્યાજ વધારે લેવાથી આપણે અસંતોષી અને લોભી કહેવાઇએ છીએ, લોકમાં માન ઘટે છે, લેનાર પણ વ્યાજ ઓછું હોવાથી તરતજ દ્રવ્ય પાછું આપી જાય છે.

આપણે કદી દ્રવ્યનો ખપ પડે તો એટલું દેવું ન કરવું કે જે આપી ન શકાય. કદાચિત્ ત્યારપછી પણ બીજી ધનની હાણી થાય તો મુશ્કેલી પડે. માટે લીધેલામાંથી થોડું થોડું પણ આપવું. ઋણ રાખવું નહીં; કેમકે ઋણ તો આગામી ભવે પણ આપવું પડે છે. વળી આ ભવ પરભવમાં ઋણ દુઃખ આપનાર થાય છે.

ઋણ ઘટાડવામાં, શત્રુના નિગ્રહમાં, અગ્નિને બુઝાવવામાં, રોગને મટાડવામાં, કન્યાદાન આપવામાં અને ધન ભેળું કરવામાં ( ઉઘરાણી વસુલ કરવામાં ) વિલંબ કરવો નહીં. અપૂર્ણ.

## जिनमंदिर–जिनप्रतिमा–जिनपूजाने अंगे खास ध्यान आपवा लायक बाबतो.

૧ જિનમંદિરમાં જેમ બને તેમ સ્વચ્છતા વધારે રાખવી જોઇએ. મોટાં દેરાસરોમાં સાફસુફ રાખનાર એક નોકર ખાસ તે કાર્ય માટે જ જુદો હોવો જોઇએ.

૨ જિનમંદિરમાં નિરંતર સુગંધ રહ્યા કરે તેટલા માટે સવારે–બપોરે–સાંજે કીંદરૂ વિગેરેનો ધુપ પુષ્કળ કર્યા કરવો જોઇએ. કોઇ પણ સ્થાને દુર્ગંધ આવે તેવું તો રહેવું જ ન જોઇએ.

૩ જિનમંદિરને દર વર્ષે કળીચૂનાથી, રંગથી અથવા બીજી રીતે પણ રીપેર કરાવવાની પદ્ધતિ રાખવી જ જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ જિનપ્રતિમા જેમ બને તેમ સ્વચ્છ રહે તેટલા માટે જળવડે પ્રક્ષાલન કરવા વખતે બહુજ લક્ષ આપવું જોઇએ.

૫ પ્રક્ષાલન કરતાં વાળાકુંચી તો કવચિત્ જરૂર જણાય ત્યાંજ વાપરવી, બાકી ભીના અંગલુહણા ( પોતા ) વડેજ પખાળ કરવી. વાળાકુંચી ની બહુ જરૂરીઆત ચાંડલાઓએ પાડી છે, તેમાં કેટલું વધારો પડતું થઇ પડયું છે તે આ નીચે જણાવ્યું છે. કદી કાંઇ કેશર રહી જાય તો ફીકર નહીં, પણ દાગીના ધોવાની જેમ વાળાકુંચી વાપરી આશાતના કરવી નહીં. વાળાકુંચીનો અનુભવ થોડોક પોતાના શરીર પર કરી જોવો.

૬ ચંદનપૂજામાં ઉંચી કિંમતની સુખડ ને બરાસ વાપરવાનું વિશેષ લક્ષ રાખવું. કેશરની અલ્પતા કરી દેવી. ખરી પૂજા ચંદનપૂજા જ છે અને તે તપેલા આત્માની શાંતિને માટે છે. કેશર તેથી વિપરીત સ્વભાવવાળું છે.

૭ પુષ્પપૂજામાં ફુલને સહજ-તે સહન કરી શકે તેટલુંજ પાણી છાંટવું. ફુલ ધોવાં નહીં. ફુલ સ્વયં પવિત્ર છે. ફુલની પાંખડી બીલકુલ તોડવી નહીં, તેમ પ્રભુની ઉપર છુટી પાંખડીઓ ચડાવવી પણ નહી. ખરેલું કે સડેલું, કોહેલું યા કીડે ખાધેલું ફુલ તજીજ દેવું. ફુલો વીંધીને હાર કરવાનો તો નિષેધ જ છે.

૮ ધુપપૂજા ને દીપપૂજા ગભારાની બહાર રહીનેજ કરવી. એ બંને અગ્ર પૂજા છે. ગભારાને કાળો કરી નાખવામાં અંદર રહીને ધુપદીપ કરનારા ભાગીદાર છે. ધુપનો ધુમાડો પ્રભુને આપવાનો નથી, તેની સુગંધ પહોંચાડવાની છે, તે તો બહારથી પહોંચશે. અંદર રહીને ધુપ કરનારની અગરવાટની રાખ પણ પ્રભુ ઉપર પડે છે તે આશાતના છે. ધુમાડો પ્રભુ પાસે જાય તે પણ આશાતના છે. ધુપધાણા ને મંગળદીવો ગભારાની બહારજ મુકવો.

૯ દીપપૂજા માટે દીવો પોતાના ઘરના ઘીનો કરવો અથવા દેરાસરના ઘીના પૈસા દેરાસરમાં આપીને તે ઘી વાપરવું, અથવા માત્ર કર્પૂરવડેજ દીપક કરવો. કપુરની ગોટી કરતાં અસલ કપુર વાપરવો વધારે યોગ્ય છે.

૧૦ અક્ષત, ફળ ને નૈવેદ્ય પૂજા કરવામાં શક્તિના પ્રમાણમાં ઉદારતા વાપરવી. આ ત્રણ પૂજા કરનારા અને તેના પુરતા સાધનો રાખનારાની સંખ્યા બહુ ઓછી દેખાય છે તે પ્રમાદ ને કૃપણતાનું પરિણામ છે.

૧૧ અષ્ટ પ્રકારી પૂજા કરી રહ્યા પછી ચૈત્યવંદન તો અવશ્ય કરવું. દ્રવ્યપૂજા ભાવસ્તવની પુષ્ટિ ( વૃદ્ધિ ) ને માટે છે, જેથી જેમ બને તેમ દિનપરદિન ભાવસ્તવમાં વૃદ્ધિ કરતા જવી-તેમાં વધારે ટાઇમ લેવો.

૧૨ પ્રભુ પાસે ત્રણ ખમાસમણ દેવા અને તે પાંચે અંગ (બે ઢીંચણ, બે હાથ ને મસ્તક) પૂરેપૂરા ભુમિએ અડે તેવી રીતે દેવાં. માથું ને હાથ જમીનથી ઉંચું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખીને ખમાસમણ દેવું તે અવિવેક છે અને ત્રણને બદલે એક દેવું તે વિધિની ખામી સૂચવે છે.

૧૩ દેરાસર ફરતી ત્રણ પ્રદક્ષિણા દેવાની પુરૂષવર્ગને બીલકુલ ટેવ હોતી નથી. તે કવચિત્ કવચિત્ તિથિ પર્વાદિકે ખાસ રાખવાની જરૂર છે; કારણ કે જિન મંદિરમાં જાળવવાના દશ ત્રીક પૈકીનું તે એક ત્રીક છે.

૧૪ પ્રભુના શરીર ઉપર મધ્યમાં શ્રીવચ્છની બે બાજુએ ચાંડલા ચોડવામાં આવે છે તે તદન નહીં ચોડવા લાયક-ઉખેડી નાખવા લાયક છે. શ્રીવચ્છ પણ મોટું ઢેખા જેવું બેડોળ લાગે છે. તેવું ચિન્હ પ્રભુના શરીરમાં હોય પણ નહીં. હૃદયની સહજ ઉંચાઇ હોય. તેથી હાલમાં ચોડાતા શ્રીવચ્છો તો ઉખેડી નાખવા લાયક જ છે. મોટા શ્રીવચ્છની અંદર પાણી ભરાય છે, ગંધ મારે છે અને જીવાત પણ પડે છે. આ અનુભવસિદ્ધ જેવી હકીકત છે તેથી તે પ્રવૃત્તિ દૂર કરવાની ખાસ જરૂર જણાય છે.

૧૫ મૂર્તિના કપાળમાં આડ ચોડવાની પ્રવૃત્તિ પણ તદન અયોગ્ય છે, તેથી હવે નવી તો ચોડવી જ નહીં અને ચોડેલ હોય તે ઉખેડી નાખવી. કપાળમાં આડ તો સ્ત્રીજાતિને હોય છે. કોઇએ મુગટ શોભાવવાના કારણથી આડ ચોડી હશે, તે સર્વત્ર પ્રચલિત થઇ ગઇ છે પણ કાઢી નાખવા લાયક છે.

૧૬ પ્રભુના શરીર પર ચાંડલા ખાસ જ્યાં બહુ કેશર ચડતું હોય, કેશરની ગરમી મૂર્તિને લાગવાનો સંભવ હોય ત્યાં ચોડવાની જરૂર છે. તે શિવાય ચોડવાની પ્રવૃત્તિ થઇ છે તે ઉપયોગી નથી, જરૂરની નથી, તેથી કેટલાક પ્રકારની હાનિ પણ છે અને કેશર ભરાઇ રહે-વાળાકુંચી વધારે વાપરવી પડે તે ખાસ ચાંડલા ચોડવાને લીધે જ છે.

૧૭ કોઇક જગ્યાએ જડાવ તાંબુળ ચોડવાની પ્રવૃત્તિ કરવામાં આવેલ છે પણ તે તદન વર્જ્ય છે.

## श्री कुल्पाकजी तीर्थनो वृत्तांत.

આ તીર્થનું નામ ગામના નામ ઉપરથી પડેલું છે. દક્ષિણ હૈદ્રાબાદથી બેજવાડા જતી ટ્રેનમાં માત્ર બે કલાકના રસ્તે આલેર નામે સ્ટેશન આવે છે. ત્યાંથી માત્ર બે ગાઉ દૂર કુલ્પાક ગામ છે, ત્યાં જવા માટે વાહનો મળી શકે છે અને સડક બાંધેલી છે. દક્ષિણ પ્રદેશમાં એક અંતરીક્ષજીનું ને બીજું આ-એમ બે પ્રાચીન તીર્થો દૃષ્ટિગોચર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ તીર્થ શ્રી ઋષભદેવ સ્વામીનું છે. તેમની મૂર્ત્તિ અર્ધ પદ્માસન આકારવાળી, શ્યામ વર્ણવાળી, અઢી હાથ ઉંચી બહુજ સુંદર છે. આ બાજુ પ્રાચીન વખતમાં અર્ધ પદ્માસન આકારવાળી જિન મૂર્ત્તિઓ ભરાવવામાં આવતી હતી, અહીં એવી ૧૧ મૂર્તિઓ છે. તેમાં પણ મૂળનાયકજીની જમણી બાજુએ શ્રી મહાવીર સ્વામીની પીરોજા રંગની મૂર્ત્તિ મૂળનાયકજી જેવડીજ અર્ધ પદ્માસનવાળી બહુજ સુંદર છે. મૂળનાયકજી આ બાજુ માણિક્ય સ્વામીના નામથી ઓળખાય છે.

આ તીર્થ આપણા સમુદાયમાં બહુ વર્ષોથી અજ્ઞાત હતું, પરંતુ શ્રી વિવિધ તીર્થ કલ્પ નામના પ્રાચીન ગ્રંથમાં આ તીર્થનું વર્ણન છે. તેમાં બતાવ્યા પ્રમાણે સંવત ૬૮૦ માં શંકર નામના રાજાએ આ તીર્થની સ્થાપના કરી છે. ત્યાર પછી જુદે જુદે વખતે આ તીર્થનો જીર્ણોદ્ધાર થયેલો છે. ઘણા પ્રાચીન આચાર્યો અહીં સંઘ સાથે આવેલા છે, તે જુદા જુદા શિલાલેખો ઉપરથી જાણી શકાય છે. સંવત. ૧૩૩૩–૧૪૮૧–૧૬૬૫–૧૭૬૭ ના શિલાલેખો વિદ્યમાન છે. તે ઉપરથી શ્રી રત્નસિંહસૂરિ, શ્રી વિજયસેનસૂરિ, પંડિત કેશર કુશળ વિગેરે સંઘ સહિત અહીં પધાર્યાની હકીકત નીકળી શકે છે. ત્યાર પછીના બસો વર્ષમાં આ તીર્થની હકીકત બહુજ અજ્ઞાત થઇ ગઇ, મંદિર જીર્ણ થઇ ગયું, સંભાળ લેવાણી નહી, ચોતરફ કચરાના ઢગલા થઇ ગયા. આવી સ્થિતિમાં સંવત ૧૯૬૫માં શૈલવિહારી શ્રી શાંતિવિજયનું અહીં આગમન થયું તેમણે નજીકમાં આવેલા હૈદ્રાબાદ ને સીકંદરાબાદના શ્રાવકોને ઉપદેશ આપી એક જીર્ણોદ્ધાર ફંડ કરાવ્યું અને આ તીર્થના જીર્ણોદ્ધાર માટે એક કમીટી નીમી તેના સેક્રેટરી તરીકે શેઠ પુનમચંદ છલાણી સીકંદરાબાદ વાળાને નિયત કરવામાં આવ્યા. તેમણે ઘણો પ્રયાસ લઇને આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો. બીજા પણ ઘણા જૈન બંધુઓએ દ્રવ્ય સંબંધી તેમજ બીજી સહાય આપી, તેને પરિણામે સુમારે એક લાખ રૂપીઆ આ તીર્થે ખરચાઇ ગયા છે. તીર્થ અત્યંત રમણિક અને આકર્ષક થયું છે, યાત્રાએ જનારાના ચિત્તને આલ્હાદ ઉત્પન્ન કરાવે તેવું છે.

છેવટના દશ વર્ષમાં આ તીર્થમાં મોટો ફેરફાર થઇ ગયો છે, યાત્રાળુઓને ઉતરવા માટે સુંદર ધર્મશાળા છે. હવા પાણી બહુ સારા છે. વધારે દિવસ રહેવાની ઇચ્છા થાય તેવું સ્થળ છે. આ તીર્થની ઘણી ઉત્ક્રાંતિ થવાનો સંભવ છે. હજુ ખર્ચ પણ ઘણો કરવાનો બાકીમાં છે. ખાસ રંગ મંડપ હજુ ઢાંકયો નથી, તે ઢાંકવાનો છે, તેમાં મોટી રકમને ખર્ચ છે, પરંતુ આ વર્ષના પ્રારંભમાં બેસતા વર્ષની યાત્રા કરવા માટે પધારેલા ઉદારચિત્ત શેઠ જમનાભાઇ ભગુભાઇ અમદાવાદ નિવાસી સહાય આપવાનું કહેતા આવ્યા છે, તેથી હવે બાકીનું અધુરૂં કામ તાકીદે પૂરૂં થવાનો સંભવ છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર વર્ષે ચૈત્રી પુનમે ( શુદિ ૧૩ થી શુદિ ૧૫ સુધી ત્રણ દિવસ ) મેળો ભરવાનું રાખવામાં આવ્યું છે. તે વખતે હજારો જૈનો અને જૈનેતર લોકો આવે છે. ઉપજ પણ સારી થાય છે. આ તીર્થની સંભાળ હજુ પણ હૈદ્રાબાદ સીકંદરાબાદની કમીટીજ રાખે છે. એક મુનીમ ત્યાં રાખવામાં આવેલ છે, તે યાત્રાળુઓને તમામ પ્રકારની સગવડ કરી આપે છે. જ્યાં માત્ર એક ગોઠી પણ પૂરો નહોતો, ત્યાં અત્યારે સંખ્યાબંધ નોકરો જુદા જુદા કામ પર લાગી ગયેલા નજરે પડે છે.

મંદિરજીની સામેના ભાગમાં સડકની બીજી બાજુએ હૈદ્રાબાદના એક ગૃહસ્થે બનાવેલો સુંદર બગીચો છે. મંદિરજી નીચેથી શિખર સુધી ૬૮ ફુટ ઉંચું છે. તેની તમામ મરામત થઇ ગઇ છે. ધર્મશાળા મંદિરની ચોતરફ ફરતી બાંધવાની શરૂઆત કરેલી છે. તેનો કીલ્લો ૪૦ ફુટ લાંબો પહોળો છે.

આ તીર્થની વિશેષ હકીકત શ્રી 'તીર્થક્ષેત્ર કુલ્પાકજીકા રીપોર્ટ' છપાયેલ છે તેમાં तवारिख-तीर्थ-कुलपाक લખેલ છે, તે વાંચવાથી જાણી શકાય તેમ છે. તે બુક તે ખાતાની કમીટીના સેક્રેટરી શેઠ પુનમચંદજી છલાણીને હૈદ્રાબાદ-સીકંદરાબાદ લખવાથી મળી શકશે.

આ તીર્થની યાત્રાનો લાભ મને ચાલુ વર્ષના માહ શુદિ ૧૩ શે શ્રી બેંગલોરમાં થયેલી મહાન્ પ્રતિષ્ટા ઉપર જવાનું થતાં અને ત્યાંથી મૈસોર, કલીકટ, મેંગલોર, મુળબદ્રી, કોચીન, અલ્પાઇ, કોઇલન, ત્રીવીંદ્રમ્, મદુરા, ત્રીચીનાપલી ને મદ્રાસ વિગેરેની યાત્રા તેમજ મુસાફરી કરતાં મળી શકયો છે. મારૂં આ તીર્થે જવું મદ્રાસથી થયું હતું, અને ત્યાંની યાત્રાનો લાભ લીધા પછી હૈદ્રાબાદ જઇને ત્યાંની યાત્રાનો લાભ લીધો હતો. હૈદ્રાબાદથી મુંબઇ ૨૪ કલાકે પહોંચી શકાય છે.

પ્રાંતે આ તીર્થની યાત્રાનો લાભ લેવાની જૈન બંધુઓને ભલામણ કરી આ ટુંકો લેખ સમાપ્ત કરવામાં આવે છે.

# साधु अवस्थानुं रहस्य.

આ ચાલુ જમાનામાં કેટલાક કેળવાયેલા યુવાન જૈનબંધુઓ છાપાદ્વારા તથા ભાષણોદ્વારા કેટલીક વખતે સાધુ મહાત્માઓની હદ બહારની અઘટિત નિંદાઓ તથા આક્ષેપો કરતા જણાય છે, તેઓએ પ્રથમ વિચાર કરવાનો એ છે કે સાધુઓ થયા છે અને થાય છે તે આપણા શ્રાવકોમાંથી જ થાય છે, કંઇ બીજી નવી દુનીઆમાંથી આવેલા નથી. તો પ્રથમ આપણે સુધરવું જોઇએ અને કેળવાયેલાઓએ સાધુપણું અંગીકાર કરી શુદ્ધ આચાર પાળી બીજાઓને સુધારવા પ્રયત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો જોઇએ. પણ તાજ્જુબ થવાનું એ છે કે કેળવાયેલામાંથી ભાગ્યે કોઇકજ દીક્ષા લે છે, બાકી પોતે તો કોરાકોરા રહેવું ને બીજાને ઉપદેશ આપવો અથવા ટીકા કરવી તે તો હાસ્યજનક છે. તેવી ટીકા–આક્ષેપો કરનારાને સાધુપણું પ્રાપ્ત થવું ઘણું કઠણ છે. 'સાધુપણું આપણાથી પળી શકેજ નહિ' તેવું કહેનારાઓ શાસ્ત્રકારોએ સાધુપણા માટે નિર્માણ કરેલા નીચે જણાવેલા અદ્ભુત અને દીર્ઘદર્શી આચારોને વાંચી તે પર સંપૂર્ણ વિચાર કરશે તો માલુમ પડશે કે સાધુપણું ઘણુંજ સહેલું છે તેમજ તે આનંદી અને રહસ્યવાળી અવસ્થા છે.

૧ સંસારીઓને રાત દીવસ પૈસા કમાવાની, સાચવવાની, પેટ ભરવાની, મહેનત કરવાની ફીકર, જંજાળ, ઉપાધિ અને પાપારંભ લાગેલો હોય છે, ત્યારે સાધુઓ તેથી મુક્ત છે.

૨ સંસારીઓને સંસારમાંજ ખુંચ્યા રહેવાનું છે, ત્યારે સાધુઓ તેથી અલગ છે.

૩ સાધુઓના શરીરની સુખાકારી તથા કાંતિ કેટલેક અંશે સંસારી કરતાં વધુ હોય છે.

૪ સંસારીઓને સારા નઠારા પ્રસંગોને લઇને હર્ષ અને શોક થાય છે, ત્યારે સાધુઓ તેથી રહીત હોય છે.

૫ સાધુઓ પોતે પાપથી બચે છે ને બીજાઓને બચાવે છે.

૬ રાત દિવસ જ્ઞાનધ્યાન કરવું ને શુભ ભાવના ભાવવી એજ સાધુઓનું ખાસ કર્ત્તવ્ય છે.

૭ સંસારીઓને મુસાફરી પ્રસંગે રેલવે–ગાડાં–ઘોડા–સ્ટીમરો આદિ વાહનો દ્વારા પરાધિનતા ભોગવવી પડે છે, ત્યારે સાધુઓ સ્વાધિનપણે આનંદથી પાદચારીપણે વિચરે છે.

૮ સંસારીઓને ચોમાસામાં પણ મુસાફરીનો નિયમ હોતો નથી, તેથી નદી નાળાં રેલવે વિગેરે અકસ્માતોનો તેમને ભય હોય છે તથા જીવોની હિંસાનું પાપ લાગે છે, ત્યારે સાધુઓને ચોમાસામાં એક સ્થાને રહેવાનું હોવાથી તેનો અભાવ હોય છે.

૯ સાધુઓને પગે ચાલવાથી અંગકસરત થાય છે તથા હવાનો કુદરતી લાભ મળે છે.

૧૦ સંસારીઓને રોગાદિ કારણે દાક્તરો, દવાઓ વિગેરેની હદ બહાર ધમાલ કરવી પડે છે, ત્યારે સાધુઓ સમતાપણે વ્યાધિને વેદે છે અને ન ચાલતે સૂક્ષ્મ-દવાનું સેવન કરે છે.

૧૧ સંસારીઓને દેશાટનમાં ખોરાકી પોશાકી વિગેરેની ઘણી ઉપાધિઓ કરવી પડે છે, ત્યારે સાધુઓને ભિક્ષાથી નિર્વાહ કરવાનો હોવાથી ઉપાધિ હોતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૨ સંસારીઓને રાત્રિએ પણ ખાવા-પીવાનું તથા જવા આવવાનું બંધ નહીં હોવાથી દીવા વિગેરેની ઉપાધિ હોય છે અને લાગવાનો-પડવાનો અને અકસ્માત મરણ સુદ્ધાંનો ભય હોય છે, ત્યારે સાધુઓને રાત્રે મકાન બહાર જવાનું નહીં હોવાથી તેનાથી તેઓ બચે છે.

૧૩ સંસારી ગમે તેવો પૈસાદાર હોય તોપણ અમુક ચીજની જરૂર પડે ત્યારે ખર્ચને માટે વિચાર થાય છે અથવા પૈસા મળવાની અગવડ પડે છે, જ્યારે સાધુ-ઓને તેવી ચીજનો ખપ જ હોતો નથી, છતાં ખપ પડે છે તો ભકતો તરફથી મળ-વાનું સાધન છે.

૧૪ સંસારીઓને રાજ્ય-ચોર-પૈસા-દાગીના આદિ અનેક વસ્તુઓ માટે ભય હોવાથી ડરે છે, ત્યારે સાધુઓ તદ્દન નીડર હોય છે અને તેથી તેમને કોઈની પરવા હોતી નથી.

૧૫ સાધુઓને લોચ કરવાની, ઉઘાડા પગે રહેવાની, ઠંડી-શરદી સહેવાની અને જનાવરના ભય આદિ કષ્ટ સહન કરવાની ટેવ પડેલી હોવાથી ગમે તેવું કષ્ટ સહન કરવામાં તેઓ બહાદુર હોય છે, ત્યારે સંસારીઓ ઢીલા હોય છે.

૧૬ સંસારીઓને સ્ત્રી પુત્ર પરિવાર આદિની પ્રપંચજાળની ફસામણ હોય છે, ત્યારે સાધુઓ તેથી દૂર હોય છે.

૧૭ સંસારી જીવ સંસારમાં રહેતાં ગમે તેવું સાધન કરવા ચાહે પણ પ્રતિ-કૂળ સંજોગોથી બની શકતું નથી, ત્યારે સાધુ અવસ્થામાં તેવા સંજોગોનો સંભવજ હોતો નથી.

૧૮ સંસારી અવસ્થા સમતાથી રહીત હોય છે, જયારે સાધુ અવસ્થા સમ-તાનું સ્થાન હોય છે.

૧૯ સંસારી અવસ્થા ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-વૈર વિરોધવાળી હોય છે, ત્યારે સાધુજીવન તેથી રહીત હોય છે.

૨૦ સંસારીઓને ઘર હાટ હવેલીઓ અને બાગ બગીચાની ઉપાધિઓ હોય છે, ત્યારે સાધુઓ તેથી દૂર હોય છે.

૨૧ સાધુઓને ખાવું પીવું વિગેરે નિયમિત હોવાથી અજીર્ણાદિ રોગો થતા નથી, ત્યારે સંસારીઓને તેવી વ્યાધિઓ વારંવાર થાય છે.

૨૨ સાધુઓને વસ્ત્રાદિની પડિલેહણ કરીને માંકડ-ચાંચડ-કીડી-કુંથુઆ આદિ જીવો દૂર કરવાના હોય છે, તેથી તે જીવોનું કરડવું થતું નથી તથા તેમની હિંસાથી દૂર હોય છે, ત્યારે સંસારીઓને તે લાગેલું હોય છે.

૨૩ સાધુઓ હમેશાં શુભ કૃત્યમાં પ્રવૃત્તિવાળા હોય છે, તેથી મરણનો પણ ભય તેમને હોતો નથી, જ્યારે સંસારીઓને મરણથી નિરંતર ડરવાનું હોય છે.

૨૪ સાધુઓને કોઇ જીવનું બુરૂ કરવું નહીં, કરાવવું નહીં, અને કરતાને દેખી ખુશી થવાનું નહીં, ત્યારે સંસારીઓ તેમાંજ મગ્ન હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૫ સાધુઓને દરેક પ્રદેશમાં વિહાર કરવાનો હોવાથી અનુભવ જ્ઞાનનો લાભ મળે છે, ત્યારે શ્રાવકો તેથી રહિત હોય છે.

૨૬ સંસારીઓને પ્લેગ-મરકી આદિ ઉપદ્રવ વખતે પોતાનાં ઘર પૈસો પરિવાર સાચવવાની ચિંતા થાય છે. ત્યારે સાધુઓ તેથી રહિત હોય છે.

૨૭ સાધુઓને દરેક કાર્ય પોતાની જાતે કરવાનાં હોવાથી, કોઇનું પણ પરાધિનપણું હોતું નથી, જ્યારે સંસારીઓને-નોકર-ધોબી-હજામ, વૈદ-સ્ત્રી પુત્ર પરિવાર વિગેરેનું પરાધિનપણું હોય છે.

૨૮ સાધુઓને દરેક કાર્ય ઉપયોગ સહિત કરવાનું હોવાથી-વિચારીને કરવાનું હોવાથી કોઇ જાતનું નુકશાન થવાનો ઘણે ભાગે સંભવ હોતે નથી અને કદી થાય છે તો હર્ષ કે ખેદ થતો નથી, જ્યારે સંસારીઓને ઉપયોગ શૂન્યતા હોવાથી ડગલે ડગલે નુકશાનીનો સંભવ છે તથા હર્ષ અને ખેદ થાય છે.

૨૯ કાચા પાણીમાં ઉપજતા જીવોની વિરાધના અટકે, તથા શરીરને ફાયદો થાય, ઇંદ્રિયો વશ રહે તે માટે સાધુઓને ગરમ ઉકાળેલું પાણી પીવાનો રીવાજ છે, ત્યારે શ્રાવકો ઘણે ભાગે તેથી દૂર નાસે છે. શરીરના ફાયદા માટે ડાક્તરો ગરમ પાણી પીવાની સલાહ આપે છે ત્યારે પરાધિનપણે પીએ છે.

૩૦ સાધુઓને સાક્ષાત્ ગુરૂ વિદ્યમાન હોય તો તેમને અને તેમના અભાવે સ્થાપનાચાર્યને વંદના કરવાથી નમ્રતાનો ગુણ પ્રાપ્ત થાય છે; જ્યારે સંસારીઓને તેવો ગુણ પ્રાપ્ત થતો નથી.

૩૧ સાધુઓને જેના ઘરમાં રહેવું તેના ઘરનું તથા રાજા સામંતાદિના ઘરનું આહાર પાણી લેવાનું હોતુ નથી, તેથી કોઈની તરફથી અપ્રીતિ થતી નથી, જ્યારે સંસારીઓને અરસપરસ જમવા જમાડવાનો વ્યવહાર હોવાથી અપ્રીતિ ઉત્પન્ન થાય છે.

૩૨ સાધુ અવસ્થામાં કોઈ જાતની હાયવરાળ હોતી નથી, તેથી શાંતિ રહે છે, ત્યારે શ્રાવકો તેથી દૂર હોય છે.

૩૩ સાધુઓને ૮ માસ જમીન ઉપર સુવાનું હોય છે, તેથી ઉપાધિ ઓછી છે અને ચોમાસામાં પાટનો ઉપયોગ કરે છે તેથી શરદીનો કે જીવજંતુનો ઉપદ્રવ લાગતો નથી. સંસારીઓને તે ઉપાધિને ઉપદ્રવનો સંભવ છે.

૩૪ સાધુઓને પ્રતિક્રમણાદિ કરવા માટે વહેલું ઉઠવાનું હોવાથી અપ્રમાદી અવસ્થા હોય છે, જ્યારે સંસારીઓ પ્રાતઃકાળમાં પ્રમાદમાં પડેલા હોય છે.

એવી રીતે ઉપર મુજબ અનેક રહસ્યવાળું, ધારે તો સહેલું, અને પાપ, ઉપાધિઓ તથા રોગાદિથી રહિત એવું સાધુપણું ખાસ આદરવા યોગ્ય છે, છતાં કેટલાક સાધુપણાની યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના થયેલા સાધુઓના તથા બીજા પણ કેટલાક સાધુઓના અયોગ્ય વર્તનથી તે તરફ લોકોનો અનાદર થતો જાય છે જો કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુઓમાં આગલા જમાના કરતાં કેટલોક ફેરફાર થયો છે, પરંતુ તેમાં કેટલોક તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને શરીરનાં બંધારણને આભારી છે અને કેટલોક બીન જરૂરનો સમયસૂચકતાના અભાવે થયો છે. તો પહેલી રીતનો ફેરફાર હાલ તરત સુધરવો દુઃશક્ય છે, પણ પાછલો ફેરફાર સુધારવા યોગ્ય પ્રયત્ન થાય તો સુધરી શકે તેમ છે; તેમ કરવાની જરૂર છે, અને તે પ્રમાણે કેટલાકો તરફથી થાય છે. પણ તે પ્રયત્ન હજુ નહિ જેવો છે માટે વિશેષ પ્રયત્ન થવાની જરૂર છે. તે સાથે આપણે શ્રાવક વર્ગે પણ તેઓનું ઉચિત સન્માન વિનય સાચવી હળીમળીને કામ લેવાનું છે. વિમુખ રહેવાથી બીલકુલ લાભ નથી.

સાધુઓ પરિગ્રહના ત્યાગી હોવાથી તેમને જોઈતાં સાધનો પૂરાં પાડવાની આપણી પેલામાં પેલી ફરજ તરફ આપણે શ્રાવકો બેદરકાર રહીએ છીએ. તેથી કેટલીક વાર તેમને આદેશો કરવાની જરૂર પડે છે. કેટલીક વખત તેઓ આડે માર્ગે ચાલતા હોય, છતાં દ્રષ્ટિરાગથી આપણે તેમને મદદગાર થઈ બગાડીએ છીએ તે માટે આપણે દોષિત છીએ. આ બાબતનો પ્રચાર પ્રાયે યુવાન કરતાં વૃદ્ધ વર્ગમાં વિશેષ જોવામાં આવે છે; પરંતુ તેઓએ ગુરૂની થતી ટીકાઓ અને આક્ષેપોથી તેમને બચાવવા તરફ ખ્યાલ રાખવાની ખાસ જરૂર છે.

આવી રીતે શ્રાવક અને સાધુ બન્ને સમુદાયમાં બીગાડો થયો છે, તો શ્રાવકો પોતાના સુધારા કરવા કોન્ફરન્સ ભરે છે તે કરતાં શ્રાવક-શ્રાવિકા, સાધુ-સાધ્વી, એ ચતુર્વિધ સંઘની કોન્ફરન્સ થવાની જરૂરત છે. કદાચ તેમ ન બને તો શ્રાવકો અને સાધુઓએ અથવા આગેવાન અને કેળવાયેલા શ્રાવકોએ અથવા એકલા સાધુ સમુદાયે અથવા દરેક સંઘાડાએ અથવા છેવટે કંઇ પણ ન બને તો દરેક સંઘાડાના આગેવાન સાધુઓએ તો અમુક વર્ષે અમુક સ્થળે અમુક વખતે મળી જરૂર પડતા સુધારા કરવાની ખાસ અને તાત્કાળિક આવશ્યકતા છે, કે જેથી તેઓ સ્વ-પરહિત કરી શકે તથા અન્ય જીવો જેઓ પતિત થતા હોય તેમને બચાવી શકે અને તેઓ તરફ અત્યારે જે પૂજ્ય ભાવ ઘટતો જાય છે તે ન ઘટતાં વધતો રહે.

આ બાબત માટે જરૂર કંઇ યોજના તૈયાર કરવા ચતુર્વિધ સંઘ અગ્રવા નેતાઓ ઉદ્યમ કરશે એવી આશા છે; પરંતુ તેમાં જો વિલંબ થશે તો વખત જતાં સંઘની સ્થિતિ કેવી થશે તે ખાસ વિચારવા જેવું છે.

ચતુર્વિધ સંઘનો સેવક,
મણીલાલ ખુશાલચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुखपृष्ट उपर मुकेला श्लोकनुं विवेचन.

( અનુસંધાન પુ. ૭૫ માના પૃષ્ટ ૧૧૪ થી. )

મહા પુન્યના યોગે મળી શકતી વસ્તુઓમાં શીલ (શુદ્ધ આચાર) અને દયામય ધર્મને, દાન અને વિવેક સંયોગી લક્ષ્મીને અને શુદ્ધ શ્રદ્ધાવાન મનને વર્ણવ્યા પછી હવે બીજી બાબતો દર્શાવે છે. શુદ્ધ આચાર સ્વશુદ્ધિ સાથે સંબંધ ધરાવે છે, પરની દયા ચિંતવ્યા પહેલાં કોઇએ પણ પરની દયાને પાત્ર ન રહેવું જરૂરનું છે. તન અને મનના શુદ્ધ સ્વભાવ વિના ધર્મ ટકવો મુશ્કેલ છે. મનની શક્તિ અને ક્ષેત્ર વિશાળ હોવાથી તેને સાધતાં બહુ ભવો કરવા પડે તેમ છે. તે દરમિયાન દોષ રહિત રહેવા દરેક વ્યક્તિએ નીતિ અને ધર્મના સામાન્ય નિયમો ચૂકવા ન જોઇએ, આહાર વિહારમાં પવિત્રતા જાળવવી જોઇએ, અભક્ષ્ય વસ્તુઓમાં માંસ મદિરા વિગેરેનો ત્યાગ કરવો જોઇએ, દુરાગ્રહ તજી મારૂં તે સાચું એમ નહિ પરંતુ સાચું તે મારૂં એ નિયમને અનુકૂળ થતા જવું જોઇએ, કર્મવશાત્ આપણી દિનતાને ધ્યાનમાં રાખી, અહંકાર તજવો જોઇએ, પરસ્ત્રીને મનથી બને તો મનથી, નહિ તો તનથી તો જરૂર મા બ્હેન તૂલ્ય ગણવી જોઇએ.

સત્ય વચન ઓર દિનતા, પરસ્ત્રી માત સમાન;
ઇતનેપર પ્રભુ ના મિલે તો, તુલસીદાસ જમાન.

સત્ય, નમૃતા અને શીયળને એ લીંટીઓમાં મુખ્ય ધર્મ જણાવેલ છે. શુદ્ધ આચાર એ પ્રથમ ભૂમિકા સાફ કરવા માટે છે. તે વિના ધર્મમાં આગળ વધાયજ નહિ. સત્ય અને શીયળ દરેક વ્યક્તિ માટે આવશ્યક છે, છતાં પૈસાના લોભમાં અને જુવાનીના તોરમાં આ પ્રાણી સહેજે તેને ગુમાવી દે છે, સામાન્યતઃ એ ગુણ મનુષ્ય માત્રમાં હોવા જોઇએ, તેને બદલે તે હાલ રત્નતુલ્ય કિંમતી થઇ પડ્યા છે. આત્માની વિશુદ્ધ દશા માટે સત્ય શીયળ કિલ્લાની ગરજ સારે છે, ને કિલ્લો અભેદ્ય રહેવો જોઇએ, તેને અભેદ્ય રાખવા પ્રથમ બાળક પર માબાપે ધ્યાન આપવું, બાદ દરેકે પોતે તેનું ધ્યાન ચૂકવું નહિ. બીજા ભૂલ કરે માટે આપણે ભૂલ કરવી એ ન્યાય નથી. પોતાને શુદ્ધ રાખીને દરેકે પરહિતમાં પડવાની જરૂર છે, સંસારમાં જન્મની સાથેજ પ્રાણીમાત્રની અપૂર્ણતા સિદ્ધ થાય છે, અપૂર્ણતામાં બને ત્યાં પૂર્ણતા કરવા અરસપરસની મદદ આવશ્યક છે, આપણા દુઃખમાં બીજા સહાનુભૂતિ રાખે એમ જો આપણી ઇચ્છા હોય તો જરૂર આપણે બીજા તરફ સહાનુભૂતિ રાખવી જોઇએ. आत्मवत् सर्व भूतेषु–આપણી પ્રમાણે સર્વ પ્રાણીઓને જોવાની આપણને જરૂર છે, ત્યાંથી દયાનો શરૂઆત થાય છે, દયા વિનાનો ધર્મ હોઇ શકેજ નહિ. તેથીજ 'કુબડા કયા દેખો દર્પનમેં, દયા ધર્મ નહિં મનમેં'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ઉચિત મર્યાદિત છે, દયામાંથી તેનો મુખ્ય સિદ્ધાંત અહિંસા પરમો ધર્મ ઉદ્ભવે છે તેથીજ દયાને ધર્મનું મૂળ કહેલ છે, જૈનોએ દયા ધર્મને પોતાનો મુખ્ય ધર્મ માનેલ છે, જૈનોએ દરેક પ્રાણીને પોતાના સમાન ગણેલ છે, તેથી કોઈ કોઈ વખત એમ બને છે કે મનુષ્ય કે જે કરોડો પ્રાણીઓને બચાવી શકે તેમ છે તેના તરફ વિશેષતાનો ભાવ તેના ધ્યાનમાં રહેતો નથી. ખરૂં જોતાં મનુષ્ય તરફ દુર્લક્ષ પાલવે નહિ, પ્રથમ લક્ષજ તેના તરફ આપવું જોઇએ. વળી દયાપાત્રજ દયાનો લાભ લઇ શકે તેટલા માટે તે વ્યવસ્થાસર થાય એમ થવું જરૂરતું છે.

મહાપુન્યથી મળી શકતી વસ્તુઓમાં ત્યાર પછી સત્ ચરિત્રનું શ્રેણીમય જીવન ગણાવેલ છે.

સદ્‌વર્તનથી અથવા તો પરોપકારથી હર હમેશ ઉચ્ચતર થતું જીવન બહુ જુજ વ્યક્તિઓના નશીબમાં હોય છે, નહિ તો જીવન ખરૂં તો તેજ છે. બાકી જીવવા પૂરતું જીવન તો પશુ પક્ષી કોઇપણ પ્રાણી ધરાવે છે, માનસિક જીવનની ઉચ્ચતર દશામાં મનુષ્ય જન્મની સાફલ્યતા ગણાય છે, તેથી માનસિક સ્થિતિ હમેશાં ઉંચી થતી રહે તોજ આનંદ વર્તે છે અને ઉંચ સ્થિતિ ટકી શકે છે. સાંસારિક સ્થિતિ હંમેશ ઉચ્ચતર કરવા માટે પ્રશસ્ત વેપારની જરૂર છે. સટ્ટા જેવા વ્યાપાર હમેશાં ઉચ્ચતર સ્થિતિ ટકાવી શકતા નથી, તેથીજ તે વર્જ્ય ગણાય છે, જીવન ઉચ્ચતર હમેશાં ન કરી શકાય તો પણ પાછળ ન હઠાય તેટલી કાળજી તો દરેકે રાખવી જોઇએ, ઉચ્ચ થવાની ઇચ્છા રાખનારા નવા જમાનાના નવા વિચારોને, જુના જમાનાના વૃધ્ધોએ દબાવી ન દેતાં, તેને યોગ્ય રસ્તે દોરવવા જોઇએ; નહિ તો દેશ યા જ્ઞાતિ કોઇ ઉંચા આવી શકેજ નહિ અને શ્રેણીબંધ ઉચ્ચ જીવન ટકાવી શકાય નહિ. શ્રેણીબંધ ઉંચ જીવન એ દરેકનું લક્ષ હોવું જોઇએ. છતાં હિંદુસ્તાનમાં તેવા જીવન ક્વચિત્ ક્વચિત્ જ નજરે પડે છે. ગૃહસ્થ જૈનોમાં તો ભાગ્યેજ કોઇક જીવન તેવું જણાય છે. જૈનોનું ઉચ્ચ તત્વજ્ઞાન, ઉચ્ચ ત્યાગમાર્ગ વિગેરે ઘણું એ ઉચ્ચ છતાં એવી કેટલી વ્યક્તિઓ આપણે ગોતી શકીએ કે જેને માટે આપણે હિંમતથી કહી શકીએ કે તે કદી જૂઠું બોલશેજ નહીં અગર ન્યાય તજશેજ નહિ? ક્રિયામાં ઉચ્ચતા છતાં વર્તનમાં જ્યાં ઉચ્ચતા નથી ત્યાં ધર્મ ટકવો મુશ્કેલ છે. જૈનોએ જૈનોને ટકાવવા જેટલું ઉચ્ચ વર્તન પણ ચલાવેલ નથી, નહિ તો જૈનોની સંખ્યા હંમેશાં ઘટતી કેમ જાય? મને લાગે છે કે જ્યાં દેખાવ જ માત્ર ધર્મની મહત્તાનો છે, ત્યાં ઉચ્ચ વર્તનની આશા ઓછી રાખી શકાય. પંદર વરસનો બાળક જે ક્રિયા કરતો હોય તેની તેજ ક્રિયા ૭૦ વર્ષનો ડોસો થાય ત્યાં સુધી તેને માટે આવશ્યક ગણાય એ મને તો અજાયબીભર્યું લાગે છે. તે વ્યાજબીજ હોય તો પછી શ્રેણીબદ્ધ ઉચ્ચ જીવનની આશાજ શી? વાતો પણ વૈ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ્યની બાળક તેમ વૃદ્ધ સહુ સરખી રીતે કરે છે; એ બધું ગમે તેમ હો, પરંતુ ઉચ્ચ વર્તન વિના ઉચ્ચ વર્તનશાળી પુરૂષો વિના જૈનોના અનેક કાર્યો રખડ્યાં છે અને રખડશે. જૈન ધર્મ દિનપ્રતિદિન પોતાની મહત્તામાં ઘટાડો કરતો જશે અને જૈનોની સંખ્યા ઘટતી જશે. ઉચ્ચ વર્તન અથવા ઉચ્ચ વર્તનશાળી પુરૂષો વિના કોઇ પણ ધર્મ ઉચ્ચતાના શિખરે પહોંચે નહિ. ઉચ્ચ વિચારમાં બેસી રહેવાથી પણ કાંઇ વળે તેમ નથી, જમાનો કાર્ય કરવાનો છે અને તે ઉચ્ચ શ્રેણીબદ્ધ જીવન વિના બનશે નહિ, તો હમેશાં ઉચ્ચ થતું જીવન એ પણ પુન્યકર્મનો યોગ બતાવે છે. એવું જીવન મહા પુન્યનું કારણ અને કાર્ય બન્ને છે.

ત્યારબાદ શાસ્ત્રમયી બુદ્ધિને પુન્ય કર્મનો યોગ ગણાવેલ છે, બુદ્ધિ તો હરેકને હોય છે, પરંતુ શાસ્ત્રથી પરિપકવ થયેલી, આગળ થઇ ગયેલા મહાન્ પુરૂષોના અનુભવથી દૃઢ થયેલી બુદ્ધિ મેળવવી તે, તથા અમૃતમય, સાંભળનારને રસ પડે તેવી વાણીનું ચાતુર્ય મળવાથી એક પ્રસિદ્ધ વક્તા થવું તે પણ પુન્યનો યોગ સૂચવે છે.

મહાપુન્યથી પ્રાપ્ત થતી છેલ્લી વસ્તુ તરીકે પારકાને અર્થે વ્યાપાર કરવો તેને ગણાવેલ છે. જેને પરોપકાર કહીએ તો ચાલી શકે. પરહિત અર્થે તન અને મનનો વ્યાપાર કરવો તે જેવા તેવા પુન્યનો યોગ નથી. કેવળ સાધુ પુરૂષો આ વ્યાપાર બહુ સારી રીતે કરી શકે છે. સંસારી જીવો એ વ્યાપાર બહુ જુજ કરી શકે છે, તેથી તેમાં તે કમાણી પણ ઘણી જુજ કરી શકે છે.

આ પ્રમાણે મહા પુન્યના યોગથી મળતી વસ્તુઓનુ વિવેચન કરી આ લેખ પૂર્ણ કરવામાં આવે છે અને વાંચકો જરૂર તે પર ધ્યાન આપશે એવી આશા રાખવામાં આવે છે.

કુંવરજી મુળચંદ શાહ.

# आपणा केटलाक सामाजिक सवालो संबंधी चर्चा.

## વિદ્વાન્ મિત્રના આહ્વાન ( આમંત્રણ ) ને સન્માન.

( લે૦ વકીલ ત્યાલચંદ લક્ષ્મીચંદ સોના, બી. એ. એલ એલ, બી. )

આપણા જૈનના લેખકોમાં અગ્ર સ્થાન ભોગવતા સુવિચારસંપન્ન વિદ્વાન્ મિત્ર શ્રીયુત મોતીચંદભાઇએ દીર્ઘ-વિશાળ-સર્વગ્રાહી દૃષ્ટિથી જૈનસમુદાયની અનેકદેશીય ઉન્નતિસાધક ચર્ચાને ઉપસ્થિત કરીને તેને પોતાની કસાયેલી કલમથી લખાયેલ અનેક મણકાઓની લેખમાળાથી વિભુષિત કરેલ છે અને તેને સર્વાંગે સુંદર બનાવવા માટે પોતે બનતો પ્રયાસ કર્યે જાય છે, તેમાં કંઇક અંશે યથાશક્તિ મદદગાર થવાની પ્રેરણા થવાથી આ ચર્ચામાં જોડાવાનું ઉચિત ધાર્યું છે. વિષય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલો બધો ઉપયોગી અને સર્વમાન્ય છે, અને તેના મુખ્ય સિદ્ધાંતો એવા સુસ્પષ્ટ છે કે તેના સ્થાપન અને ઉત્થાપન માટે પૂર્વપક્ષ કે ઉત્તરપક્ષ બાંધી ચર્ચામાં ભાગ લેવાની જરૂર ધારવામાં આવતી નથી; પરંતુ વિષયની વિશાળતા તથા ગહનતા તરફ જોતાં જુદી જુદી દ્રષ્ટિથી અવલોકન કરનાર પૃથક્ પૃથક્ વ્યક્તિઓના વિચારો, દીર્ઘ કાળના અભ્યાસ અને અનુભવથી નિર્ણિત કરેલા સિદ્ધાંતો, તેની યોગ્યાયોગ્યતાની પરીક્ષા-કોમના વિચારશીલ નેતાઓ સન્મુખ રજુ કરવાની જરૂર છે. અને તેથી કંઈક અંશે પિષ્ટપેષણ થવાનો ભય છતાં પણ ઘણીજ ઉપયોગી બાબતો ફરી ફરીને લોકોના ધ્યાન ઉપર લાવવાથી વિશેષ લાભ સમજી કલમ હાથ ધરવામાં આવેલ છે.

મોટર અને એરોપ્લેનની ઝડપથી જમાનો આગળ વધતો જાય છે. સુધરેલી ગણાતી પ્રજાઓ જે દિશા તરફ આગળ વધે છે તેથી પારમાર્થિક દ્રષ્ટિથી વિચાર કરતાં ઐહિક લાભની ગણનાનો સવાલ બાજુ ઉપર રાખીએ તો તેઓ આત્મિક તેમજ નૈતિક ઉન્નતિની સાધનામાં કેટલે દરજ્જે આગળ વધે છે તે એક સવાલ છે; પરંતુ ઉપલક-બાહ્ય નજરથી જોનારને તેઓ કંઈક એવાજ ભ્રમમાં નાખી દે છે કે આવી સુધારાની ટોચે પહોંચેલી મહાન્ પ્રજાઓ કુદકે અને ભુસ્કે દરેક પ્રકારની પ્રગતિસાધક દિશામાંજ આગળ વધતી હોય એમ તેને સમજાય છે. જુદી જુદી દિશાઓ તરફ પ્રયાણ કરનારા મનુષ્યોને ઇચ્છિત સ્થાને પહોંચવા માટે સીધો-સરલ-નિષ્કંટક યાને તરતમતાએ ઓછી હેરાનગતિ પહોંચાડનાર રસ્તો કયો છે તે નકી કરવા માટે દીર્ઘકાલીન અનુભવ, ઉચ્ચ સ્થાન અને દીર્ઘ દ્રષ્ટિની જેમ જરૂર છે, તેમ જૈનસમુદાયને સર્વમાન્ય લક્ષ્ય સ્થાન તરફ લઇ જવા માટે અગ્રગણ્ય નેતાઓએ આજુબાજુની પરિસ્થિતિના યથાર્થ અવલોકનનાં પરિણામે નિર્ણિત કરેલ સિદ્ધાંતોની અપેક્ષા રહે છે.

આખી દુનિયાની પ્રજાના વાતાવરણમાં-કર્ત્તવ્ય માર્ગમાં, અસાધારણ ખળભળાટ ઉત્પન્ન કરનાર મહાન્ વિગ્રહે લાખો મનુષ્યોનો સંહાર કરીને તેમજ કરોડો અબજો રૂપિયાની મીલકતની પાયમાલી કરીને લાખો કુટુંબોને દુઃખદ અને નિરાધાર સ્થિતિમાં લાવી મુકેલ છે અને તેની સાથે ( there is something good in things evil ) એ સૂત્ર અનુસાર અનિષ્ટ વસ્તુઓમાંથી પણ કંઈક સાર વસ્તુ મળી આવે છે, તેમ આ મહાન્ વિગ્રહે દુનિયાની પ્રજાને કેટલાક બોધપાઠો પણ શીખવ્યા છે અને સર્વત્ર જાગૃતિ લાવી મુકેલ છે. વિદ્વાન્ મિત્ર જણાવે છે તેમ આપણું સર્વ સારૂં છે એમ ન માની લેતાં દરેક બાબતનો બારીકાઇથી અભ્યાસ કરી, વિવાદગ્રસ્ત પ્રશ્નોની સર્વ બાજુએથી પુષ્કળ ચર્ચા કરી, આગળ વધવા માટેની યોગ્ય દિશાનો અને સમુદાયનો વિચાર કરવાનો હોવાથી તે દિશા તરફના પ્રયાણના સરળ માર્ગો પણ નકી કરવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય ભાઈબંધ કોમોના પ્રગતિસાધક કાર્યોનો શાંત ચિત્તથી અભ્યાસ કરી આપણે આગળ વધવાની જરૂર છે. જૈનેતર પ્રજાની સરખામણીમાં–પશ્ચાત્ વર્ગ બાદ કરતાં બીજી ઘણી ખરી પ્રજાઓ રાજકીય હીલચાલમાં, સામાજિક પ્રવૃત્તિમાં, વ્યાપાર વિષયક પ્રગતિમાં નિષ્પક્ષપાત નજરથી વિચાર કરતાં આપણાથી આગળ વધેલી જણાય છે. વિચારપ્રદેશના ઉંડાણમાં પ્રવેશ કરતાં સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે આપણે કોઇ કોઇ દિશામાં આગળ વધવાને બદલે પાછળ હઠતા જઇએ છીએ. શુદ્ધ હૃદયથી કલ્યાણ માર્ગ સમજી આપણા પૂર્વના આગેવાનોએ ભોળા ભાવથી અમુક દિશા તરફ પ્રયાણ શરૂ કર્યું હોય અને પાછળથી વધારે વિચક્ષણ આગેવાનોને દેશકાળની સ્થિતિનો વિચાર કરતાં તે દિશા તરફનું પ્રયાણ નુકશાનકારક જણાતું હોય તો એકદમ પાછળ હઠવાની જરૂર સ્વીકારવી પડે; પરંતુ આપણું હાલનું પાછળ હઠવાનું તેવા પ્રકારનું નથી અને તેથીજ ‘મૃત્યુઘંટ’ વગાડનારને જાગૃત થવાની જરૂર જણાઇ હોય એમ સમજાય છે. આ ‘મૃત્યુઘંટ’ વગાડનારની સૂચનાથી ગભરાટમાં પડી જવાની અગર બેબાકળા બની આપણી કાર્ય–પ્રણાલીકાને અસ્તવ્યસ્ત સ્થિતિમાં લાવી મુકવાની નથી, અગર તો નીરાશ બની જઈ, તદન સુસ્ત–કર્તવ્યહીન થવાનું નથી; પરંતુ મૃત્યુઘંટના લેખકની અમૂલ્ય સૂચનાઓને વખતસરની ચેતવણીરૂપ ગણી આપણું સામુદાયિક જીવન ટકાવી રાખવા માટે મહાભારત પ્રયાસ કરવાની જરૂર છે.

પ્રત્યેક મનુષ્યના જીવનમાં ઘણુંખરૂં એકાદ–બે વખત જીવલેણ મંદવાડ–કષ્ટસાધ્ય વ્યાધિના પ્રસંગો આવતાં નજરે જોવામાં આવે છે. તેવે પ્રસંગે બાહોશ વૈદ્ય–ડાકટરોની મદદથી, ઉત્તમ સારવારથી અને ભાગ્યની અનુકૂળતાથી–વ્યાધિમુક્ત થઈ શકાય છે; તેવીજ રીતે સમુદાય, કોમ કે સમાજના જીવનમાં પણ કષ્ટસાધ્ય વ્યાધિના પ્રસંગો આવી પડે છે અને આપણી જૈન કોમ હાલમાં તેવાજ કંઇક વ્યાધિથી પીડાતી હોય એમ ઘણા ખરા વિચક્ષણ આગેવાનોને સમજાય છે. આવાજ પ્રસંગે કેટલાક અશુભ ભવિષ્યચિંતકો ભીરૂતાથી ગભરાઇ જાય છે ત્યારે કેટલાક ધૈર્યશીલ માણસો–શુભ ભવિષ્યની આગાહી કરનારાઓ હિંમત રાખી બનતી સારવાર અને ઔષધોપચારથી વ્યાધિ નિર્મૂળ કરવા માટે સતત્ પ્રયાસ કર્યે જાય છે અને તેજ ખરૂં કર્તવ્ય છે. આપણા પ્રયાસનું ઇષ્ટ–શુભ પરિણામ આવશે કે કેમ તે માટેની શંકા કરવાનો યા તો હદપાર ચિંતા કરવામાં વખત ગુમાવવાનો કે લમણે હાથ દઈને સુસ્ત બેસી રહેવાનો આ સમય નથી. વ્યાધિના સખ્ત હુમલાને પ્રસંગે ગભરાઇ જવાનું અગર તો પરિણામ માટેની ચિંતામાં એક મિનિટ પણ નિરર્થક ગુમાવવાનું પાલવી શકે નહિ, વ્યાધિની યથાર્થ ચિકિત્સા ( [illegible] ) નો પ્રથમ દરજ્જે આવશ્યકતા છે. યથાર્થ ચિકિત્સાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધું દરદ ઓછું કરવા જેવું થાય છે. વ્યાધિ કેવા સ્વરૂપનો છે તે બરાબર સમજાયા પછી તેને માટેના રામબાણ ઉપાયો યોજી શકાય છે. આમ છતાં પણ A remedy should not be worse than the disease વ્યાધિ કરતાં તેના નિર્મૂળન માટેનો ઉપાય વધારે ખરાબ ન હોવો જોઇએ, એ સૂત્ર ખાસ લક્ષ્યમાં રાખી ઉંટવૈદ્યોના ઉપાયો અજમાવતાં પહેલાં બહુ વિચાર કરવાની જરૂર છે. ખાસ કરીને આખી સમાજને લાગુ પડેલ વ્યાધિને જડમૂળથી ઉખેડી નાંખવા માટે વિચાર ચાલતો હોય તે પ્રસંગે બહુ સંભાળથી કામ લેવાની જરૂર છે. ઉદાર અને અનુભવી વિચારકોની જરૂર છે. આખી દુનિયાની જુદી જુદી પ્રજાઓએ જુદી જુદી દિશામાં પ્રયાસ કરી પોતપોતાના ઉત્કર્ષની સાધના કેવી રીતે કરેલ છે તેના ઐતિહાસિક પુસ્તકો ઉપલબ્ધ થઇ શકે તેમ છે તો તે પુસ્તકોનો બરાબર અભ્યાસ કરનારાઓના ઠરેલ વિચારો આ વિષયમાં ઘણી રીતે મદદગાર થઇ પડે તેમ છે. આગળ પડતી અન્ય-જૈનેતર કોમોના ઉન્નતિક્રમના ઇતિહાસનું અવલોકન કરતાં જણાય છે કે તેઓ આપણા કરતાં કંઇક વ્હેલા જાગૃત થવાથી પ્રત્યેક વિષયમાં આગળ વધેલ છે અને આપણે ઘણી બાબતમાં પશ્ચાત્ પડી ગયેલ છીએ, પરંતુ આ સ્થિતિ એક રીતે લાભદાયક જણાય છે. અન્ય ભાઇબંધ કોમોને પોતાની હાલની ઉન્નત સ્થિતિએ પ્હોંચતાં પ્હેલાં યોગ્ય ઉપાયની શોધમાં-જુદા જુદા પ્રયોગોની અજમાયશ કરવામાં-અમુક લાભકારી નિર્ણયો-સિદ્ધાંતો બાંધવામાં, કેટલું બધું જોખમ ખેડવું પડ્યું હશે-કેટલું સાહસ કરવું પડ્યું હશે-કેટલી બધી સ્ખલનાઓ અનુભવવી પડી હશે-કેવા કેવા પ્રત્યાઘાતો સહન કરવા પડ્યા હશે-કેટલા બધા દ્રવ્યનું પાણી કરવું પડ્યું હશે-કેવા દુર્ઘટ માર્ગમાંથી પસાર થવું પડ્યું હશે-કોઇ કોઇ પ્રસંગે આગેવાનોને કેવી કેવી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું હશે-તેનો યથાર્થ ખ્યાલ કરવા આપણા આગેવાન વિચારકો તસ્દી લેશે તો તેથી આપણને ઘણું ઘણું નવું જાણવાનું-જોવાનું-શીખવાનું મળી શકશે અને આવા પ્રકારના શિક્ષણનો લાભ લઇ ખરા દીલથી સમાજની પ્રગતિ માટે પ્રયાસ કરવામાં આવશે તો આપણે કેટલેક દરજ્જે મોડા જાગૃત થઇએ છીએ તેનો કંઇક અંશે ખંગ વાળી શકાશે. ( Better late than never )એ સૂત્ર ભૂલી જવું જોઇતું નથી. "વ્હેલા ઉઠ્યે લાભ કે મોડા ઉઠ્યે લાભ તેની ખબર પડતી નથી" એ સૂત્રની કંઇક અંશે સાર્થકતા સિદ્ધ થશે. 'પૂર્વના ઇંગ્લંડ' નું ઉપનામ ધારણ કરવા ભાગ્યશાળી થયેલ જાપાનની પ્રજાએ ઘણી ટુંક મુદતમાં પ્રત્યેક બાબતમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યાનો જવળંત દાખલો આપણી નજર સન્મુખ છે.

જૈન સમાજને લાગુ પડેલ વ્યાધિના ચિન્હોની બારીકાઇથી તપાસ કરી, તેની યથાર્થ ચિકિત્સા માટે-તેની તેજ વ્યાધિના બીજી વખતના સખ્ત હુમલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(Attack) માંથી બચવા માટે વ્યાધિના કારણોનો દીર્ઘદૃષ્ટિથી અભ્યાસ કરવાની જરૂર છે અને વ્યાધિમુક્ત થવા માટે જે જે ઉપાયો અજમાવવાની જરૂર જણાય તેનો નિર્ણય કરવાનું કોમના કુશળ નેતાઓની કાર્યદક્ષતા ઉપર આધાર રાખે છે. પરંતુ 'મૂર્ખ મિત્ર કરતાં દાનો દુશ્મન હજારગણો દરજ્જે વધારે પસંદ કરવા યોગ્ય છે.' એ હકીકત ખ્યાલમાં રાખી-કોમનું હિત સાધવાની વૃત્તિથી કામ કરતા હોવાનો દેખાવ કરનારા, ડોળઘાલુ, સંકુચિત દૃષ્ટિથી કામ લેનારા, દેશ-કાળ અનુસાર કાર્યક્રમ નકી કરવાની પદ્ધતિની અવગણના કરનારા આગેવાનોના હાથમાં આપણું સુકાન જવું જોઈએ નહિ; તેમાં તો શાસ્ત્રકારોના ફરમાન અનુસાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ચારે બાબતો તરફ લક્ષ્ય રાખી, સમય રંગ પ્રમાણે સુકાનને સંભાળી રાખી, સઢની દિશાઓ ફેરવી શકે તેવા વિચક્ષણ-ઉદાર દીલના આગેવાન નાવિકોનો આશ્રય લેવાની જરૂર છે. એકાદ મનુષ્યનું જીવન અવિચારી-સાહસિક-બીન અનુભવી ઉંટવૈદ્યના હાથમાં સોંપતા જેટલો ભય રહે છે તે કરતાં હજારગણો ભય સમુદાયનું જીવન સંકુચિત દૃષ્ટિના-કેવળ સ્વાર્થસાધુ નજરથી કામ લેનારા આગેવાનોને સોંપતા રાખવો પડે છે. પોતાની શક્તિનો યથાર્થ ખ્યાલ નહિ કરી શકનારા આગેવાનો-શુદ્ધ હૃદયથી કામ કરતા હોય છતાં પણ કદાચિત્ તેમના પ્રયાસથી આપણું નાવ ખરાબે ન ચડી જાય તેની ખાસ સંભાળ રાખવાની જરૂર છે. 'જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કુવામાં જ પડે છે.' જ્ઞાતિના-કોમના-સંઘના કે સમુદાયના આગેવાનોને શીર એટલી બધી જવાબદારી રહેલી છે કે તેઓ જો વિશાળ નજરથી, ઉદાર દીલથી કેવળ સમુદાયના ઉત્તમોત્તમ હિત તરફ નજર રાખી પ્રયાણમાર્ગની દિશાઓ નકી કરે તોજ તેઓ તેમની ફરજ બરાબર અદા કરી શકે. દરેક સમુદાયની પ્રગતિ તેના આગેવાનોની કાર્યકુશળતા ઉપર જ આધાર રાખે છે અને આગેવાનોએ હરકોઈ સામાજિક કાર્યની શરૂઆત કરતાં પહેલાં ખાસ મુદ્દાની બાબત લક્ષ્યમાં રાખવાની છે તે એજ કે તેમની આગેવાની સ્વીકારનારાઓને "અમોને અમારા મિત્રો (આગેવાનો) થી બચાવો"-(Save us from our friends) એવું કહેવાનો કદી પણ પ્રસંગ આવવા પામે નહિ.

ઉપરના મુદ્દા ઉપર વધારે વિવેચન કરવાની જરૂર એટલા માટે જણાય છે કે આર્યપ્રજામાં જ્ઞાતિબંધારણની પ્રથા જે શુભ હેતુથી પ્રચલિત થયેલ છે અને અનેક અનાર્ય પ્રજાઓના સંસર્ગમાં આવ્યા છતાં પણ તેમના વિધ્વંસક હુમલાઓની અસર સામે આજસુધી ટકી રહેલ છે તે જ્ઞાતિબંધારણના નિયમોમાં સમયાનુકૂળ જોઈએ તેવા ફેરફારો નહિ કરવામાં આવ્યાથી, તેમજ જ્ઞાતિભાઈઓને જુની-પુરાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂઢીઓના બંધનોથી જકડી લેવામાં આવ્યાથી તથા જ્ઞાતિભાઇઓનું ભવિષ્ય વંશપરંપરાથી ઉતરી આવેલી શેઠાઇ–પટલાઇ ભોગવનારા જ્ઞાતિના સંકુચિત દૃષ્ટિના–અશિક્ષિત આગેવાનોને હસ્તક રાખવામાં આવ્યાથી, જ્ઞાતિબંધારણની હાલમાં થઇ પડેલી વ્યવસ્થા કેટલેક દરજ્જે નવીન યુગના વિચારકોને એટલી બધી હાનિકારક જણાવા લાગી છે કે આધુનિક સમયમાં જ્ઞાતિબંધનનું છેદન–ભેદન કરી નાંખવા માટે અસાધારણ પ્રયાસ થતો જોવામાં આવે છે. જુના વિચારના સ્થિતિચુસ્ત ( orthodox ) આગેવાનો અને નવીન વિચારના સુધારાવાળાના ઉપનામથી ઓળખાતા વર્ગ વચ્ચે આ બાબતમાં હાલ તુમુલ યુદ્ધ મચી રહ્યું છે. સંસારસુધારાના વિષયમાં ઉદાર વિચાર ધરાવનારા જાહેરા વક્તાઓએ અને વિદ્વાન્ લેખકોએ આ વિષયની ચર્ચાને એટલું બધું ઉગ્ર સ્વરૂપ આપ્યું છે કે એકાદ–બે દાયકામાં જ્ઞાતિબંધારણની શી વ્યવસ્થા થશે તે કલ્પવું મુશ્કેલ છે. લગ્નના વિષયમાં વૃદ્ધવિવાહ, બાળલગ્ન, કજોડાં, એક સ્ત્રી જીવતી છતાં તેના ઉપર બબે અને ત્રણ ત્રણ સ્ત્રીઓ પરણવાનો રીવાજ, તેમજ બીજા કેટલાક હાનિકારક રીત રીવાજોએ જૈન તેમજ જૈનેતર કોમમાં પ્રવેશ કરેલ છે તે કેવળ સ્વાર્થી નજરથી કોમનું સુકાન પોતાને હસ્તક રાખનારા આગેવાનોના પ્રમાદને જ આભારી છે. જ્ઞાતિના સાજના વખતે, જ્ઞાતિના નિયમોનો ભંગ કરનાર, જ્ઞાતિના નિર્ણય કરેલા ધારાઓનું ઉલ્લંઘન કરનાર તેમજ બીજી કોઇ રીતે જ્ઞાતિની કસુરમાં આવનાર જ્ઞાતિભાઇઓના ગુન્હાવાળા કૃત્યો માટે જે ધોરણે વિચાર ચલાવવામાં આવે છે અને જે રીતે ન્યાય આપવામાં આવે છે તે પ્રથા સૌને સુવિદિત હોવાથી તે કેટલી બધી તિરસ્કારને પાત્ર છે, તે માટે વધારે વિવેચન નહિ કરતાં એટલુંજ લખવું પુરતું થઇ પડશે કે આ વિષયમાં લગભગ તમામ નિર્ણયો કેવળ સંકુચિત અને પક્ષપાત દૃષ્ટિથી જ અંકિત હોય છે. આગેવાનોની તેમજ આગેવાનોના સગા–સંબંધી અને મિત્રોની કસુર તરફ આંખ આડા કાન કરવામાં આવે છે અને તેમના વિરોધીઓની નજીવી કસુરને મ્હોટું સ્વરૂપ આપી તેમને કચરી નાંખવાની અધમ તજવીજ કરવામાં આવે છે. વૈર વાળવાની નીચ વૃત્તિ તેઓમાં એટલી બધી પ્રધાનતા ભોગવે છે કે તેઓ પોતાના દુષ્ટ કૃત્યો અને કાવાદાવાઓથી કોમના દુશ્મનોની ગરજ સારે છે અને પોતાના સમુદાયને તદ્દન અધોગતિ તરફ ખેંચી જાય છે. આવા આગેવાનોના હાથમાં આપણું ભવિષ્ય ન આવી જાય તે માટે બહુ સંભાળ રાખવાની જરૂર છે. આ જમાનો અંધશ્રદ્ધાનો નથી, સૌ કોઇ પોતાનું હિત સંભાળતા થયા છે. આગેવાનોની એકહથ્થુ સત્તા માટે વાંધા ઉઠાવવા લાગ્યા છે. સૌને એક લાકડીએ હાંકવાનો સમય હવે વહી ગયો છે, ઘેટાના ટોળાંની માફક સમુદાયને અનિશ્ચિત માર્ગે લઇ જનાર આગેવાનોના વિચારો સમુદાય એકદમ કબુલ રાખતાં આંચકો ખાય છે. પોતાના ધનનો–શ્રમનો–વખતનો નિઃસ્વાર્થ વૃત્તિથી ભોગ આપનાર, નિષ્પક્ષપાત બુદ્ધિથી કામ

For Private And Personal Use Only

કરનાર, સમય રંગનો યથાર્થ વિચાર કરી કાર્યક્રમ કી યોજનાઓ નકી કરનાર આગેવાનો તરફ આપણે હુવે નજર કરવાની જરૂર છે. અને સમુદાયને ઉપયોગી સામાજિક સવાલોની ઉહાપોહ કરી આપણા વિચારો કોમના નેતાઓ સમક્ષ રજુ કરી આપણા કલ્યાણમાર્ગની દિશાઓના નિર્ણય માટે સૌ ભાઈઓએ યથાશક્તિ યથામતિ પોતા તરફનો ફાળો આપવા તૈયાર રહેવાની જરૂર છે. કેટલાક સામાજીક સવાલોને સીધી યા આડકતરી રીતે ધાર્મિક સવાલો સાથે સંબંધ હોવાથી કેટલીક બાબતોમાં ગૃહસ્થ આગેવાનો ઉપરાંત આગેવાન મુનિ મહારાજાઓના વિચાર મેળવતા રહેવાની પણ જરૂર છે. આધુનિક સ્થિતિના વિષયમાં સાધુવર્ગ આપણને કેટલી મહત્વની મદદ આપી શકશે તે એક પ્રશ્ન છે; કારણ કે સાધુવર્ગ પ્રાચીન કાળથી ચાલ્યા આવતા વ્યાખ્યાનપદ્ધતિના રીવાજથી તેમજ તેમના સંસર્ગમાં આવનારાઓ સાથે ધાર્મિક યાતો સામાજિક પ્રશ્નોની ચર્ચા કરીને અને લેખ દ્વારા જે કંઈ લાભ સર્વદેશીય પ્રગતિસાધક કાર્યમાં આપી શકે છે તે આધુનિક સમયમાં એટલો બધો નજીવો જણાય છે કે આપણને આ વિષયમાં કંઈક સ્વાશ્રયી બની આપણા પગ ઉપરજ ઉભા રહેતા શીખવાની જરૂર જણાય છે. આપણો આખો સમુદાય ઉચ્ચ કેળવણીની બાબતમાં ઘણો પછાત છે અને તેથી કરીને સમુદાયમાં ઐતિહાસિક દ્રષ્ટિથી સામાજિક સવાલોનો જોઈએ તેવો સંતોષકારક અભ્યાસ કરી બીજી કોમોની હરોલમાં આપણને લાવી મુકવા માટેની સંગીન યોજનાઓ તૈયાર કરી સ્વાર્થત્યાગ વૃત્તિથી આત્મભોગ આપી તેવી યોજનાઓ અમલમાં મૂકવા માટે જોઈતો પ્રયાસ કરનારાઓની સંખ્યા બહુ થોડી છે અને સાધુવર્ગમાં જે કંઈ ભરતી થાય તે ઉપરોક્ત સમુદાયમાંથીજ થતી હોવાથી તેમજ સાધુદિક્ષા [illegible] કર્યા પછી સામાજિક સવાલોની યથાર્થ મહત્વતા સમજનારાઓ બહુ અલ્પ સંખ્યામાં હોવાથી તેમના તરફની મદદની આશા વધારે મોટા પ્રમાણમાં રાખી શકીએ તેવી આપણી હાલની સ્થિતિ નથી.

આપણો જૈન સમુદાય સંખ્યામાં બહુ નાનો હોવાથી પ્રમાણમાં–બીજી કોમો સાથેની સરખામણીમાં આપણામાં આગેવાન વિચારકોની-કાર્યદક્ષ નેતાઓની સંખ્યા ઘણી ઓછી હોય એ બનવા જોગ છે, પરંતુ તે સાથે ઓછા વિસ્તારવાળો કાર્યપ્રદેશ હોવાથી મુખ્ય લાભ એ છે કે સમજણપૂર્વકની એકસંપી હીલચાલથી, ઐકયસાધક પ્રવૃત્તિથી સમુદાયની ઉન્નતિ માટે પ્રયાસ કરનારાઓને તેમના કાર્યમાં કેટલીક સરલતા થાય છે. બહુ દૂર ન જતાં આપણી નજર સન્મુખજ દ્રષ્ટિ કર્યાથી જણાઇ આવે છે કે ઘણી બાબતોમાં આપણાથી કમી મનુષ્ય સંખ્યા ધરાવતી પારસી કોમ એટલી બધી આગળ વધતી જાય છે કે તેના ઉન્નતિક્રમના ઐતિહાસિક અભ્યાસથી આપણને ઘણું નવું નવું જાણવાનું તેમજ શીખવાનું મળી આવે તેમ છે. તેમની દરેક હીલચાલ પસંદ કરવા યોગ્ય અને અનુકરણીય છે એમ પ્રતિપાદન કરવાનો અત્ર પ્રસંગ કે આશય નથી, પરંતુ મુક્ત વિચાર અને ચર્ચાને પરિણામે જે કંઇ ગ્રહણ કરવા યોગ્ય જણાય તેનો વગર વિલંબે આદર કરવો જોઈએ એટલુંજ માત્ર કહેવાનું છે.

અપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आधुनिक जैनोनुं कळाविहीन धार्मिक जीवन.

( ૩ )

ગયા લેખમાં જૈનોએ આલેખન કળા તરફ દર્શાવેલી ઉપેક્ષા સંબંધી કેટલીક હકીકત જણાવી. આ લેખમાં સંગીત વિષે થોડુંક નિવેદન કરવાનું છે. સંગીત સિવાય ભક્તિરસ આવિર્ભાવ પામી શકે જ નહિ અને ભક્તિ વિનાનો ધર્મ જળ વિનાના સરોવર જેવો લાગે. રાવણે તીર્થંકર પદ સંગીતના આશ્રયથી જ બાંધ્યું. નરસિંહ મહેતાની મહત્તા તેના ભક્તિરસથી ભરેલાં પદ્યોમાં જ પ્રતિબિંબિત થઇ. ઈશ્વર પ્રત્યે અતુલ ભક્તિ હમેશાં સંગીતમાં જ પરિણામ પામે છે. આત્માનું પરમાત્મા સાથે અદ્વૈત સાધવાનું સંગીત પરમ સાધન છે. આ સંગીત બે પ્રકારનું છે. ગાયન અને વાદન. ગાયન એટલે વિવિધ પ્રકારનાં પદ્યો, કાવ્યો, જાત જાતના રાગ અને આલાપો વડે ગાવાં તે. વાદન એટલે અનેક પ્રકારનાં વાજીંત્રો સંગીતના નિયમાનુસાર વગાડવાં તે. આપણા જૈનો આ બન્ને વિષયમાં બહુજ પછાત છે. એવાં કોઇક જ જૈનનાં ઘરો માલુમ પડે છે કે જ્યાં સંગીતનો શોખ હોય અને જ્યાં મધુર વાદ્યો રણકાર કરી રહ્યાં હોય.[1] ગાવાનો શોખ પણ જૈનોમાં જવલ્લે જ માલુમ પડે છે સ્ત્રીઓને સંગીતની કળા તો ખાસ વરેલી ગણાય ત્યારે જૈન સ્ત્રીઓએ તો સંગીતનો આત્મજીવનમાંથી આમૂલ બહિષ્કાર જ કર્યો દેખાય છે.

આ શોચનીય પરિસ્થિતિનો ખરો ખ્યાલ જૈનમંદિરમાં આવે છે. જૈનમંદિરમાં જાઓ તો ઘણી વખત ઘોંઘાટ—સ્ત્રીપુરૂષોના કલબલાટ—સિવાય બીજું કાંઇ નહિ સાંભળો. સ્થળ કે સમયની ગંભીરતા જોયા સિવાય જેને જેમ ફાવે તેમ બરાડા પાડતું ઘણીવાર જોવામાં આવે છે. જ્યાં તદન શાન્તિ જોઇએ ત્યાં આટલો બધો ઘોંઘાટ હોય, જ્યાં મધુર સંગીતથી આસપાસના વાતાવરણમાં દિવ્યતા પ્રગટવી જોઈએ ત્યાં જાણે કે શાક બજાર હોય તેવો કોલાહલ મચાવી મૂકવામાં આવે, તેવા સ્થળમાં આત્મા આનંદ કેમ પામે અને ભક્તિરસ ઉલ્લસાયમાન કેમ થાય ? જૈનબંધુઓની સંગીતઅધીરતા એટલી બધી વધી ગઇ છે કે બાજુએ કોઇ સુન્દર સ્તવન મીઠા સરોદથી ગાતું હોય ત્યારે તેને શાન્તિથી સાંભળવાનું તો બાજુએ રહ્યું પણ તે સારૂં ગાય છે તેટલાથી જ જાણે પોતાનું અપમાન થતું હોય તેમ બાજુએ બેઠેલો માણસ વધારે મોટા અને ઘોઘરા સ્વરથી પોતાનું ગાણું શરૂ કરી દે છે અને જે વધારે મોટા સ્વરે અને વધારે મેળ વિનાનું ગાય તેને જાણે કે વહેલું

---

૧ અમદાવાદ નિવાસી શેઠ જેશીંગભાઇ હઠીસંગ આ પ્રસંગે યાદ આવે છે કે જેઓ સંગીતના ઘણા શોખીન હોવા સાથે પોતે પણ તે વિષયમાં બહુ પ્રવીણ હતા. તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોક્ષફળ મળી જવાનું હોય તેવી હરીફાઇનો બહુજ કઢંગો અને હાસ્યાસ્પદ દેખાવ કરે છે. આવા સંગીતસ્વચ્છન્દથી મંદિર અને મૂર્તિપૂજાના હેતુરૂપ આત્માનો વિનાશ થાય છે, અને સહૃદય રસિક જન આવા મંદિરમાં વધારે ટકી શકતો નથી. આ બાબતમાં જૈન બંધુઓએ બહુજ વિચાર કરવો ઘટે છે. વસ્તુતઃ જેને ગાતાં ન આવડતું હોય તેણે શાન્તિથી પરમાત્માનું ધ્યાન ધરવું જોઇએ. મંદિર તે આપણું પોતાનું ઘર નથી કે જ્યાં આપણે ગમે તેવો ઘોંઘાટ કરી શકીએ. સારાં સ્તવનો મંદિરમાં ઉચ્ચારવાનું મન થતું હોય તો આપણે ગાતાં શિખવું જોઇએ. મંદિર તે સામાજિક સંસ્થા છે. મંદિરમાં આવનારની ફરજ છે કે મંદિરની શાન્તિ અને દિવ્યતાનો જરા પણ ભંગ થવા ન દેવો. જેવી રીતે પુરૂષો પ્રભુસ્તવનના નામે ધમાલ મચાવી મુકે છે તેવીજ રીતે સ્ત્રીઓ પણ એવોજ બેસુરો ગાયનકોલાહલ મંદિરોમાં પ્રવર્તાવી દે છે. આમાં સત્વર સુધારો થવાની આવશ્યકતા છે.

સ્તવનોના સંબંધમાં બીજું પણ કેટલુંક કહી શકાય તેમ છે. સ્તવન ગાવામાં કાળ મર્યાદા તો કોઇ સમજતું જ નથી. અમુક રાગ અમુક સમયે ગવાય તો જ યોગ્ય લાગે, આવા સંગીતશાસ્ત્રના નિયમથી સૌ કોઈ અજાણ દેખાય છે. ઘણી વખત જૈનમંદિરમાં ભૈરવી બપોરના સાંભળવામાં આવે છે, પ્રભાતીયું સાંજના સાંભળવું પડે છે અને માઢ, માલકોષ, સોરઠ આદિનો પ્રાતઃકાળમાં લાભ થાય છે. જ્યાં સંગીત વિષયની અસાધારણ અજ્ઞતા છે ત્યાં આવી ન્હાની બાબતની તો શી ફરિયાદ કરવી ?

સામાન્ય સ્તવનના રાગોમાં પણ એવો ભેદ જોવામાં આવે છે કે કેટલાક રાગો પુરૂષોના મોઢામાંજ શોભે છે જયારે કેટલા રાગો સ્ત્રીઓના મોઢામાં જ મીઠા લાગે છે. અહિં એ કહેવાનો આશય નથી કે અમુક રાગો સ્ત્રીનેજ ગાવાનો અધિકાર છે અને તે પુરૂષથી ન જ ગાઈ શકાય. આ સ્વાતંત્ર્ય યુગમાં આવો પ્રતિબંધ તો કેમ હોઇ શકે ? પણ એટલું જ કહેવા યોગ્ય છે કે જે રાગ જ્યાં શોભે ત્યાં ગવાય તો મીઠો લાગે; બીજે ગવાય તો મીઠો ન લાગે; બીજે ગવાય તો શ્રવણેન્દ્રિયને તપનું પુણ્ય પ્રાપ્ત થાય. દાખલા તરીકે " હાંરે મારે ઠામ ધર્મના, સાડા પચવીશ દેશ જો, " અથવા તો " જિનજી ત્રેવીશમો જિન પાસ, આશ મુજ પુરવે રે લો " આવા રાગો સ્ત્રીઓના ગાયનમાં વધારે મીઠા લાગે. સીતાજીના મહીનાનો રાગ, " સોના સમો રે સૂરજ ઉગિયો " એ રાગ, " ઓધવજી સંદેશો કહેજો શામને " એ રાગ, અથવા તો " પાવાગઢથી ઉતર્યા મહાકાળી રે " એ રાગ અથવા આવા બીજા રાગો સ્ત્રીઓ ગાય ત્યારે જુદીજ મીઠાશ આવે અને પુરૂષો ગાય ત્યારે તેમાં સ્ત્રીત્વની ભ્રાન્તિ થાય. અત્ર કહેવાનો ઉદ્દેશ એટલો જ કે આ બાબતમાં વિવેક સમજાય તો સારૂં. પુરૂષોચિત રાગ પરિબદ્ધ સ્તવનો કયાં ઓછા અને ભાવન્યૂન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે સ્ત્રીયોચિત રાગનો આશ્રય લેવો પડે ? મંદિરમાં કોઇ પુરૂષને સ્ત્રી જેવા હાવભાવથી સ્ત્રીયોગ્ય રાગ ગાતો જોતાં પુરૂષચિત્તને સહેજે ગ્લાનિ થાય છે.

સ્તવનો સંબંધી ત્રીજી વાત એ જણાવવાની કે અપ્રાસંગિક સ્તવનોનો બહુજ પ્રચાર થઇ પડ્યો છે. હંમેશાં મંદિરમાં સ્વતન કરતાં ધ્યાનમાં રાખવું જોઇએ કે આપણે આપણા ઇષ્ટદેવની સમક્ષ બેઠા છીએ, તે આદર્શ પુરૂષ છે, આપણે પામર પુરૂષ છીએ, આપણને તેમના દર્શનનો લાભ થયો તે માટે તેમનાં ગુણોનું ગાન કરવાનું છે. આ લક્ષ્યનો સ્તવનોની પસંદગીમાં વારંવાર ભંગ થતો જોવામાં આવે છે અને જ્યાં જે જોઇએ ત્યાં તે ન હોય અને અન્ય હોય, ત્યાં કળાનો પણ ભંગજ ગણાય, તે ન્યાયે આ વૈચિત્ર્યને કળાભંગની કોટિમાંજ મુકી શકાય. એક સ્ત્રીએ પોતાના પતિને કહેવાનું પદ્ય હોય ( દાખલા તરીકે " ચાલોને પ્રીતમજી પ્યારા શત્રુંજય જઇએ " ) તે હાવભાવથી ભક્તજન પ્રભુસમક્ષ બોલે કે જ્યાં તેનો કોઇ પણ રીતે અર્થ ઘટી શકેજ નહિ ત્યારે હસવું કેમ ન આવે ? જુદાં જુદાં તીર્થોને લગતાં સ્તવનો અથવા તિથિના માહાત્મ્યને લગતાં સ્તવનો સામાન્ય મંદિરમાં પ્રભુ સમક્ષ ઉચ્ચારાય ત્યારે પણ એવી જ હાસ્યજનક સ્થિતિ ઉભી થાય છે. " વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા " અથવા તો " હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીશ દેશ જો " એ સ્તવનો મૂળરૂપે ગમે તેવાં સુન્દર હોય છતાં પ્રભુ સમક્ષ બોલવાનો અર્થ શું ? કેટલાંક સ્તવનો માત્ર સ્તુત્યાત્મક હોય છે અને કેટલાંક માત્ર આત્મલક્ષી હોય છે. જિનમંદિરમાં સ્તુત્યાત્મક સ્તવનને જ અવકાશ છે. જો કે પ્રભુની શ્રેષ્ઠતા વર્ણવતા સ્તવનોમાં આત્માની પામરતાનું સૂચન આવે તો તે વિષે બાધ કાઢી શકાય નહિ. પણ માત્ર આત્મલક્ષી સ્તવનો તો પ્રતિક્રમણમાં જ યોગ્ય લાગે. " પંચમી તપ તુમે કરો રે પ્રાણી. " આ સ્તવન પ્રભુ સમક્ષ બોલાય તેમાં બે વાંધા છે. એક તો તિથિના માહાત્મ્યવર્ણનનો પ્રભુ ગુણ ગાન સાથે સંબંધ નથી. બીજું તો પંચમી તપ કોણ કરે ? પોતે કે પ્રભુ ? જો પોતાને જ કરવો હોય તો પ્રભુ સામે લાંબા હાથ કરીને બોલ્યાનો અર્થ શો ? આવાં અર્થહીન આચરણથી અન્ય જનો કેમ ન હસે ? આવાં એક નહિ પણ અનેક સ્તવનો બોલાય છે કે જેની અંદર ઔચિત્યનો સ્પષ્ટ ભંગ દેખાય છે. અતિશય આત્મનિંદાત્મક સ્તવનોનો પ્રચાર પણ ઘટવો જોઇએ. જે પ્રતિક્રમણમાં શોભે તે જિનમંદિરમાં ન શોભે. ભગવાનનાં દર્શન થાય ત્યાં આનંદ ઉલ્લસવો જોઇએ. પોતાનાં રોદણાં રોવાને બીજા ઘણા અવસરો છે. જિનમંદિરનું વાતાવરણ એવું હોવું જોઇએ કે જ્યાં પાપ, દુઃખ, નિરાશા, ગ્લાનિ, નિર્વેદ–સર્વનો લય થઇ જવો જોઇએ અને પુણ્ય, સુખ, આશા, ઉત્સાહ અને ઉલ્લાસને વ્યાપકતા મળવી જોઇએ. આવું વાતાવરણ ઉભું કરવું તે ભક્તજનના હાથમાં છે. પ્રભુમંદિર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનુષિક સૃષ્ટિમાં સ્વર્ગની વાનકી છે. આ સ્વર્ગીય સ્થાનને આંસુથી કલુષિત કરવા કરતાં ઉલ્લાસજન્ય ગાન કીર્તનથી પલ્લવિત કરવું વધારે યોગ્ય છે.

પ્રચલિત સ્તવનોનો મોટો ભાગ બહુ સાધારણ રાગોમાં રચાયલો જોવામાં આવે છે. ઉંચું કવિત્વ કે મનોહર સંગીત આ સ્તવનોમાં અનુભવાતું નથી. રાગની વિવિધતા આ સ્તવનોની રચનામાં એટલી બધી દૃષ્ટિગોચર થતી નથી. જૈનોનો કાવ્યભંડાર ઘણો જ મોટો છે, તેમાંથી સારાં ઉસ્તાદી લયવાળાં સ્તવનો ચુંટી કાઢી સમાજમાં પ્રચલિત કરવાં જોઇએ તેમજ તેવાં નવાં સ્તવનો રચાવાં જોઇએ.[1]

આપણા ધાર્મિક જીવનનું બીજું અંગ લય પામતું જાય છે. જૈન કુટુંબોમાં રાસ વાંચવાનો રીવાજ ધીમે ધીમે નાબુદ થતો જાય છે. જો કે ઓળીના દિવસોમાં કોઇ કોઇ ઠેકાણે શ્રીપાળ રાજાનો રાસ વંચાય છે, પણ સામાન્યત: આ વિષયનો શોખ ઘટતો જાય છે. વયોવૃદ્ધ પુરૂષ રાત્રિના વખતે રાગ કાઢીને રાસ વાંચતા હોય, આસપાસ બેઠેલાં બાળકો વાર્તાનો આનંદ ઝીલતા હોય, પાસે બેઠેલી પરિપક્વ વયની સ્ત્રીઓ હોંકારો દેતી હોય, અને બાજુએ બેઠેલી યુવાન સ્ત્રીઓ ઝોકાં પણ ખાતી હોય, અને વચમાં વચમાં વ્યવહાર કે તત્ત્વનો ગુંચવણભર્યો પ્રશ્ન આવે તો પુરૂષવર્ગ તે બાબતની લાંબી ચર્ચામાં ઉતરી જતો હોય–આવાં ગૃહજીવનનાં સુન્દર દૃશ્યો નાશ પામતાં જાય છે એ ખેદકારક છે. જૈન સાહિત્યમાં રાસનો મોટો ભંડાર છે. ઉપર્યુક્ત રૂઢિથી સામાન્ય રાગોનું સહજ જ્ઞાન થાય છે, પ્રચલિત કથાઓનો સહેજે બોધ થાય છે, અને નૈતિક અને ધાર્મિક શિક્ષણ અનાયાસે સૌ કોઇને પ્રાપ્ત થાય છે.

સ્ત્રીઓમાં ગહુંલી ગાવાનો રીવાજ પણ ઘટતો જાય છે, તેમજ મનોહર અર્થવાળી તથા સુન્દર શબ્દરચનાવાળી ગહુંલીઓ જોવામાં પણ ઓછી આવે છે. વસન્ત આવે અને કોયલ ન બોલે તો વસન્ત સુનકાર લાગે તેમ ધાર્મિક ઉત્સવો આવે અને સ્ત્રીસમુદાય તે ઉત્સવોનું સુન્દર ગાયનથી અભિનન્દન કરી ન શકે તો ઉત્સવો નિરસ બની જાય, માટે સારી ગહુંલીઓ એકઠી કરવાનો, મોઢે કરવાનો, તથા સાથે મળીને ગાવાનો વ્યવહાર સવિશેષ ઉત્તેજનને યોગ્ય છે.

સંગીત ગાયનપ્રકાર વિષે આટલુંજ. હવે વાદનપ્રકાર તપાસીએ. આપણા મંદિરોમાં હવે હારમોનિયમે ઘર ઘાલ્યું છે. હારમોનિયમ સાધારણ રીતે મીઠું

૧ આવા પ્રયત્નની બહુ જરૂર છે. પ્રભુ પાસે કહેવા યોગ્ય અને તેમાં પણ ખાસ પુરૂષ યોગ્ય, સ્ત્રી યોગ્ય અને તે બન્નેને યોગ્ય સ્તવનો જુદાં પાડીને છપાવવાં જોઇએ. અલ્પજ્ઞ જીવો તેનો ભેદ સ્વતઃ સમજી શકતા નથી. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સહેલાઇથી શિખી શકાય તેવું વાજિત્ર છે, તેથી તેનો તદ્દન બહિષ્કાર કરવાનું તો બની શકે નહિ, પણ હારમોનિયમ જે વાજિત્રોને પદભ્રષ્ટ કરીને આપણા મંદિરમાં આટલું અગત્યનું સ્થાન લેતું જાય છે તેજ માત્ર ગ્લાનિપ્રદ છે. સારંગી, દિલરૂબા, તાઉસ કે સતારના મીઠા મંદ મંદ રણકાર આગળ હારમોનિયમનો અવાજ ઘોંઘાટ જેવો લાગે છે. સારંગી વિગેરે આપણા પૂર્વકાળના વાજિંત્રમાં જે ઉંચું સંગીત ઉદ્દભવી શકે છે તેનો અંશ પણ પાશ્ચાત્ય હારમોનિયમમાં અનુભવાતો નથી. હારમોનિયમ એકાદ કલાક સાંભળતાં કંટાળો આવશે અને માથું દુખવા આવશે; તાંતનાં વાદ્યોમાં આવું કદિ નહિ બને. સતારનો ઝણઝણાટ મંદિરના ઘુમટમાં જ્યારે આંદોલિત બને છે, અથવા તો સારંગીની મીઠી તરંગમાળા મંદિરના ભવ્ય રંગમંડપમાં વહેવા માંડે છે ત્યારે જે દિવ્ય આનંદ પ્રગટે છે તેની સરખામણીમાં હારમોનિયમ કયાં ઉભું રહી શકે ?

આવીજ સ્થિતિ શરણાઈ નોબતની બાબતમાં થઇ છે. શરણાઈ નોબત અદ્રશ્ય થતાં જાય છે; અંગ્રેજી બેન્ડ વગડાવવાનો પ્રચાર વધતો જાય છે. આપણા કાઠિયાવાડ કે ગુજરાતમાં પણ શરણાઇ વગાડનાર એવા સાધારણ થઈ ગયા છે કે પાઇપમાંથી ફુંક મારી કઠોર સુર કાઢવા સિવાય સંગીત કે રાગનું તેમને કશું ભાન હોતું નથી અને તેથી તે કઠોરતાથી કંટાળેલા જૈન બંધુઓ તેટલાજ કઠોર પણ નવીન હોવાથી વધારે વ્યામોહ જનક બેન્ડ–પડઘમને વધારે પસંદ કરે તે સ્વાભાવિક છે. પણ ખરી રીતે બેન્ડને ઉત્તેજન આપવાને બદલે શરણાઇ નોબતને સુધારવાનો પ્રયાસ વધારે આદરવા યોગ્ય છે.[૧] શરણાઇની મીઠાશ અનુભવવી હોય તો મહારાષ્ટ્રમાં જવું. મુંબઇમાં પણ ગીરગામના લતામાં ફરતાં ઘણી વખત શરણાઇમાં એવા મીઠા આલાપો અને મધુર રાગો સાંભળવા મળે છે કે ચાલતાં બે ઘડી ચરણો સ્થિર થઇ જાય, વડોદરાના શરણાઈવાળા વખણાય છે. સુરતના બેંડ કરતાં ધાર્મિક ઉત્સવો પ્રસંગે વડોદરાના શરણાઇ નોબતવાળાને બોલાવવામાં આવતા હોય તો વધારે સારૂં. કોઇએ પ્રાતઃકાળે શત્રુંજયની તળાટીમાં વાગતી શરણાઇ નોબત સાંભળી છે અને તેની અનુપમ મીઠાશ તરફ કોઈનું ધ્યાન ખેંચાયું છે ? મલ્લીનાથજી ( ભોયણી ) માં પણ શરણાઇ નોબત સાંભળવાની એવીજ મજા આવે છે. ધર્મશાળામાં રાતના સુતા હોઇએ અને પ્રાતઃકાળમાં શરણાઈમાં વાગતી ભૈરવી આપણને જાગૃત કરે ત્યારે તે સુવું અને ઉઠવું બન્ને કેવાં મધુર લાગે છે ?

૧ અહીં પાલીતાણાના નોબતવાળા અને ગોઘાના ગોઘારી ઢોલ વગાડનારા યાદ આવે છે. ભાવનગર વિગેરેમાં મહોત્સવ પ્રસંગે ઘણી વખત તેમને બોલાવવામાં આવતા હતા. અત્યારે તે બંને સ્થળે તેનો લોપ થઇ ગયો છે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરણાઈ નોબત આપણું મંગળ વાજિત્ર છે; કાળ પરિમાણ નિવેદન કરવાનું કામ પણ આ વાજિત્રને માથે હતું. બેન્ડમાં ખર્ચ ઘણો, સંગીત કે રાગનો ધડો નહિ, ઘણું ખરૂં અંગ્રેજી ગત અથવા તો નાટકના રાગો વગાડે-તેમાં પણ હોય આનંદનો પ્રસંગ અને વગાડે કોઈ નાટકનું કરૂણાપૂર્ણ ગાયન, હોય શાન્તિનો અવસર અને મચાવી મુકે " કવીક માર્ચ " ની ધુન. આવા બેહુંદા વાજિત્ર કરતાં તો કાંઇ વાજિત્ર ન વાગે તો વધારે સારૂં ?

ગાયન વાદન કળાનો વિચાર કરતાં સહેજે નૃત્યકળા ઉપર લક્ષ્ય જાય છે. પ્રાચીનકાળમાં નૃત્યકળા સારી રીતે પ્રચલિત હતી. સ્ત્રીઓને આ કળામાં અભ્યાસ કરાવવામાં આવતો; પુરૂષો પણ નૃત્ય કરતા. આજકાલ પાશ્ચાત્ય દેશોમાં નૃત્યકળાનો એટલોજ આદર કરવામાં આવે છે. આપણા દેશમાંથી આ કળા એકદમ નાશ પામતી જાય છે. અત્યારે માત્ર નાયિકાના ઘરમાં જ તેનો વાસ જણાય છે. નૃત્યકળાથી આપણે એટલા બધા દૂર ગયા છીએ કે નૃત્ય કરવાનો ખ્યાલ આપણને બીનકુદરતી લાગે છે. ખરી રીતે નૃત્ય તો આત્માનો આનંદાવિર્ભાવ છે. જ્યારે માણસને બહુજ આનંદ થાય છે ત્યારે સહેજે નાચવા મંડી જાય છે; જ્યારે બાળકને બહુ કલ્લોલ થાય ત્યારે એકદમ કુદવા મંડે છે. પશુઓમાં આવું જ જોવામાં આવે છે. લાંબા વખતના અનભ્યાસથી નૃત્યકળા પ્રત્યે આપણા લોકોને એવો અણગમો ઉત્પન્ન થયો છે કે હું તેમને નાચવાનું શિખવા કહું તો હુંજ તેમના ઉપહાસને પાત્ર બનું, પણ નાના બાળકો તેમજ બાળિકાઓને તો આ વિષયમાં કેળવણી આપવાની ખાસ જરૂર હું સમજું છું. કેટલેક ઠેકાણે એવી બાળ મંડળીઓ જોવામાં આવે છે કે જ્યાં ગરીબ પૈસાદાર-ઉભય વર્ગનાં બાળકો એકઠાં મળે છે,[1] ગાતાં, નાચતાં તથા ડાંડીયારસ લેતા શિખે છે અને જિનમંદિરમાં પૂર્ણ ઉત્સાહ અને ઉલ્લાસથી પોતાના કળાકૌશલ્યને પ્રદર્શિત કરે છે. પણ આવી મંડળીઓ બહુજ ઓછી થતી જાય છે તે વધવાની જરૂર છે; વડિલોએ સહાય કરી આવી મંડળીઓ ઉભી કરવી જોઇએ. ડાંડીયારસમાં ઉંચી કસરત પણ સમાયલી છે. મોટી ઉમ્મરના પુરૂષો પણ ડાંડીયારસ લઇ શકે; સ્ત્રીઓ પણ રાસ ગુંથી શકે. ઉભય ક્રિયાનો મંદિરોમાં પ્રચાર થાય તો ભક્તિરસ કેટલો પુષ્ટ થાય અને સમાજ-સંગીતનો કેવો વિકાસ થાય ?

તા. ૨૦-૫-૨૦.
મુંબઇ.

પરમાનંદ.

૧ આ પણ અનુભવસિદ્ધ હકીકત છે. ભાવનગરમાં તેવી ટોળી-મંડળી હતી. તેઓ ગાતાં, વગાડતાં, નાચ કરતાં ને ડાંડીયારાસ લેતાં શીખતા ને તેનો જિનમંદિરમાં ઉપયોગ કરતા અત્યારે તેનું સમૂળ વિસર્જન છે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ફુટ નોંધ અને ચર્ચા.

હાલમાં ચાલતી દેવદ્રવ્યના વિષયની ચર્ચાને અંગે વિશેષ લખવાને મન વધતું નથી તો પણ એટલું રોશન કરવાની જરૂર જણાય છે કે સભ્યતા વિનાના, રીતસરની દલીલ વિનાના, શાસ્ત્રથી તદન નિરપેક્ષ અને કોઈ પણ મુનિની અથવા આખા મુનિ સમુદાયની નિંદાથી ભરપૂર પેંફલેટો નીકળે છે તે તો એકદમ બંધ થવા જોઈએ. મુંબઈ, અમદાવાદ, પાલીતાણા ને ભાવનગર વિગેરેના સંઘ સમુદાયે આ બાબતમાં ખાસ ધ્યાન આપવું જોઈએ. આવા હેંડબીલો લાભ બીલકુલ કરતા નથી, નુકશાન ઘણું કરે છે, સમુદાયમાં કલેશની વૃદ્ધિ કરે છે અને તેના બહાર પાડનારના આત્માને અત્યંત કલુષિત કરે છે.

આ સંબંધમાં હવે ન્યુસપેપરોમાં લેખ આપવાનું પણ બંધ થવાની જરૂર છે, તેથી પણ લાભ જણાતો નથી. કેટલાક તો 'હું પણ એક વિદ્વાનની પંક્તિમાં આવી શકું તેમ છું' એમ માનનારા મુનિઓ તદન નિરર્થક અને લાભને બદલે હાની કરે તેવા લેખો લખે છે. તે બીલકુલ અઘટિત છે. શાસ્ત્રોની દલીલવાળી બુકો જે બહાર પડે છે તેના સંબંધમાં પણ એટલું તો લખવું પડે છે કે વારંવાર પીષ્ટપેષણ કરવું તે કરતાં જે સમજાયું તે એકવાર લખીને બેસી રહેવું વધારે ઠીક છે. આ વિષયમાં उत्सर्पण શબ્દના અર્થને અંગે જૈન અને જૈનેતર વિદ્વાનોનો અભિપ્રાય બધી હકીકત સમજાવીને પૂછતાં તેનો અર્થ વૃદ્ધિ વાચક થાય પણ મૂકવા રૂપ થતો નથી એમ ઉત્તર મળેલો છે તે રોશન કરીએ છીએ.

એકત્ર થયેલા દેવદ્રવ્યનો વ્યય જેમ બને તેમ સત્વર જીર્ણોદ્ધારના કાર્યમાં વિશાળ હૃદયથી કરવામાં આવે તો આ ચર્ચા ઘણે અંશે બંધ પડવા સંભવ છે. તે બાબતમાં આગેવાનોએ મુઠી વાળી રાખવાના પરિણામેજ આ સવાલને ઉભો કર્યો છે એ શંકાવિનાની હકીકત છે.

સાધારણ ખાતાને પુષ્ટ કરવાની આવશ્યકતા સૂચવનારા બંધુઓ જૈનવર્ગના બહોળા ભાગની આધુનિક સ્થિતિ પ્રદર્શિત કરી દયા ઉપજાવીને તે તરફ કોમળ હૃદયનું આકર્ષણ કરે છે તે યોગ્ય છે, પરંતુ તેના સંગીન ઉપાય તરીકે સ્થાપિત હકીકતમાં ફેરફાર કરવા તરફ દૃષ્ટિ ન લંબાવતાં બીજી રીતે જૈન વર્ગના શ્રીમંત ગૃહસ્થોના હૃદય ઉપર એવી સજ્જડ અસર કરવા યોગ્ય છે કે તેઓ પોતાને મળેલા દ્રવ્યમાંથી ખર્ચ કરતાં પ્રથમ એ બાબતમાં જ વ્યય કરવા તૈયાર થાય અને એનેજ અગ્રસ્થાન આપે. અમારી તો શુદ્ધ અંતઃકરણની આખા સમુદાય પ્રત્યે એજ પ્રાર્થના છે.

For Private And Personal Use Only